# અલ-કાએમ(અ.સ.) અલ-મુન્તઝર(અ.ત.ફ.શ.)

ખાસ અંક

મોહર્રમુલ હરામ હિજરી સન.૧૪૪૬

MRP Rs.15/-



*હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:*

***મન્ અરાદલ્લાહો બેહીલ્ ખય્ર કઝફ ફી કલ્બેહી હુબ્બલ્ હુસૈને અલય્હિસ્સલામો વ હુબ્બ ઝિયારતેહી***

***જ્યારે ખુદાવંદે મુતઆલ કોઈને નેકી આપવા ચાહે છે, તો તેના દિલને ઈમામ હુસૈન(અ.સ.)ની મોહબ્બત અને આપ(અ.સ.)ની ઝિયારતની મોહબ્બતથી ભરી આપે છે.***

(જામેઅ અહાદીસુશ્ શીઆ, ભાગ: ૧૨, પાના: ૩૮૪)

બિસ્મીલ્લાહ હિર્‌રહમા નિર્‌ રહીમ　　　અહ્‌સનલ્લાહો લકલ્‌ અઝાઅ યા મવ્લાય યા સાહેબઝ્‌ઝમાન

# અઝાદારી-અલ્લાહની કુરબત હાસિલ કરવા માટે શ્રેષ્ઠ વસીલો

ખુદાવંદે આલમે ઇન્સાનને ઇબાદત કરવા માટે પૈદા કર્યા છે. આ ઇબાદતને ઇન્સાનની તરક્કી અને સંપૂર્ણતાનું માધ્યમ બનાવ્યું છે. ઇન્સાનની સંપૂર્ણતા ભૌતિક દુનિયા અને તેનાથી સંબંધિત બાબતોથી બુલંદ થઇને ખુદાથી નજદીક થવુ એ છે. રિવાયતોમાં છે કે ઇન્સાન નાફેલા ઇબાદત વડે ખુદાથી એટલો બધો નજદીક થઇ જાય છે અને એટલો બધો પવિત્ર થઇ જાય છે કે ખુદાની આંખથી જુએ છે અને તેની ઝબાનથી બોલે છે અને તેના કાનથી સાંભળે છે. એટલે કે તે એ જુએ છે જે ખુદા દેખાડવા ચાહે છે અને જે ખુદાને પસંદ છે અને જીભથી એવી વાતો નિકળે છે જે ખુદાની મરજી મુજબની હોય છે અને તે એવી વાતો સાંભળે છે જેમાં ખુદાની ખુશ્નુદી હોય છે.

અગર આપણે પોતાની જાત પર નજર કરીએ અને થોડો વિચાર કરીએ કે એ કઈ ચીજ છે જે રબ્બુલ અરબાબની બારગાહમાં પેશ કરી શકીએ છીએ અને તેનાથી કુરબત હાસિલ કરી શકીએ છીએ.

ઇમાન તમામ આમાલની કબુલીય્યતનું માધ્યમ છે. ઇમાનની બુનિયાદ પર જ નજાત થશે. જ્યારે આપણે આપણા ઇમાન પર નજર નાખીએ છીએ તો ઇમાનની નિશાનીઓ દૂર દૂર સુધી દેખાતી નથી. ઇમાનનો નાનામાં નાનો દરજ્જો ઇબાદત પ્રત્યે લગાવ અને ખુદાની નાફરમાનીથી નફરત છે. રિવાયતમાં છે કે અગર કોઇ ગુનાહને જુએ અને ઓછામા ઓછુ તેને નફરત ન કરે અને તે ગુનાહ તેને ખરાબ ન લાગે તો તે શખ્સ મુર્દા છે, ભલે ને તે જીવતો જ કેમ ન હોય? કેટલાય એવા ગુનાહો છે જે આપણી સામે થતા રહે છે પણ આપણે જરા જેટલી પણ નફરતનો અહેસાસ નથી કરતા, દિલ તેનાથી અણગમો અનુભવતુ નથી. ખૌફની હાલત તો એવી છે કે આપણે ખુદા સિવાય દરેક ચીજથી ડરીએ છીએ. જ્યારે કે અલ્લાહ ઇરશાદ ફરમાવે છે:

***શું એ સમય નથી આવ્યો કે ઇમાનદાર લોકોના દિલ ખુદાની યાદથી ખૌફઝદા થઈ જાય?***

(સુરએ હદીદઃ આયત નં.૧૬)

અખ્લાકઃ અખ્લાક કે જે ઇસ્લામની ખાસ ખાસિયત છે જેની સંપૂર્ણતા માટે હઝરત મુરસલે આઝમ (સ.અ.વ.)ને નિયુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે પોતાની જાતમાં અવલોકન કર્યુ તો અખ્લાક તો ક્યાંય દેખાતો જ નથી પરંતુ અખ્લાકની વિરુદ્ધ બાબતો દરેક જગ્યાએ નજર આવી.

આમાલઃ આમાલને જોવાનું શરૂ કર્યુ તો આમાલના સ્વરૂપો તો દેખાયા પરંતુ જ્યારે આમાલ કબુલ થવાની શર્તો પર વિચાર કર્યો તો શરમીંદગીથી માથું નીચે ઝુકાવવું પડ્યુ, કારણકે આમાલની પહેલી શર્ત નિય્યત છે અને નિય્યત માટે ખુલુસ જરૂરી છે.

ખુલુસની વ્યાખ્યા આમ કરવામાં આવી છે કે આમાલને અંજામ દીધા બાદ ન તો વખાણની અપેક્ષા કરવામાં આવે અને ન તો લોકોની ટીકાનો ડર હોય પરંતુ અહીં હાલત એવી છે કે દરેક અમલ પછી લોકોની તરફથી વખાણનો ઇન્તેઝાર રહે છે. આવી પરિસ્થિતિમાં કઇ ચીજ થકી ખુદાની કુરબત હાસિલ કરવામાં આવે અને કેવી રીતે નજાતના

માધ્યમો ઉપલબ્ધ કરવામાં આવે. આ ફિક્રમા પોતાના વુજુદનો અભ્યાસ કરી રહ્યો હતો. દિલને આમ તેમ ફેરવીને જોઇ રહ્યો હતો. નિરાશાના વાદળો ઘેરાતા જતા હતા. નિરાશાની સરહદો નજીક થઇ રહી હતી કે દિલની દુનિયામાં એક રોશની નજર આવી, ઉમ્મીદ પૂરી થઇ. આ રોશની, મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ)ની વિલાયતની રોશની હતી. દિલ એ એહલેબૈત(અ.મુ.સ) ની ખુશીમાં ખુશ થઇને અને તેમના ગમમાં ગમઝદા થઇને આ રોશનીના વુજુદની તસ્દીક કરી દીધી.

પણ સવાલ એ હતો કે મોહબ્બત અને મવદ્દત, માત્ર ઝબાનથી કબૂલ કરવાનું નામ તો નથી. મોહબ્બત તો મોહિબમા મહેબૂબનો રંગ જોવા ચાહે છે. મોહબ્બત પૈરવી અને કુરબાનીની માંગ કરે છે. આપણે કઇ કઇ બાબતોમાં એહલેબૈત(અ.મુ.સ)ની પૈરવી કરી છે? જેમ જેમ તપાસ કરતા ગયા શરમીંદગીનો અહેસાસ વધતો ગયો.

હા, ખુદાવંદની કુરબતનો એક ખૂબ જ મહત્વનો વસીલો દેખાયો, જેનો ફાયદો મહાન હતો અને સવાબ પુષ્કળ હતો. શર્તો સહેલી હતી અને લાભો બેહદ હતા. તેમાં નિય્યત પણ ખાલિસ હતી અને જઝબો પણ પાક હતો, બદલો અને વખાણની કોઈ તમન્ના ન હતી, ઠપકો અને ટીકાનો કોઇ ડર ન હતો. તે જન્નતનાં જવાનોના સરદાર, હઝરત રસુલે ખુદા(સ.અ.વ)નાં જીગરના ટુકડા, બતુલ(સ.અ)ના દિલ પસંદ, અલીએ મુર્તઝા(અ.સ)ના નૂરે નઝર, હસને મુજતબાના કુવ્વતે બાઝુ, સૈયદુશ્શોહદા અરવાહુલ આલમીન લહુલ ફિદાની મુસીબતમાં દિલનું ગમગીન થવુ, દિલનું મગમુમ હોવુ, આંખોમાં આંસુ આવવા એ હતું.

આ નેઅમત પર જ્યારે વિચાર કર્યો તો માલુમ થયુ કે આ પણ મારી પોતાની હાસિલ કરેલ નથી. ખુદાની અતા કરેલ છે. ખુદ મઅસૂમનો કૌલ છેઃ ''અમારા શિઆ અમારી વધેલી તીનતથી ગમઝદા થાય છે.''

સૈયદુશ્શોહદા(અ.સ)ના ગમમાં વહેનારા આંસુ જાહેરી રીતે તો એક પાણીનુ ટીપુ છે પરંતુ રાબેતાનો એ મજબૂત વસીલો છે જે ઇન્સાનને આઝાદ બનાવીને સંપૂર્ણ રીતે બદલી નાખે છે. ઇમાન, આમાલ, અખ્લાક તમામમાં પરિવર્તન પૈદા કરી નાખે છે.

અઝીઝાને ગિરામી! આ ગમનાં રાબેતાની હિફાઝત કરો. આ ચિરાગની જ્યોતને બુજાવા ન દો. ખુદા પાસે દુઆ કરો કે ઇમામ હુસૈન(અ.સ)ની મોહબ્બતની ગરમી વધતી રહે.

આ એ મહાન મુસીબત છે કે જેમાં સંપૂર્ણ કાએનાત, જમીન, આસ્માન, જમીનવાળાઓ અને આસ્માનવાળાઓ, મલાએકા, અંબીયા, મુરસલીન, અવલીયા, અવસીયા, શોહદા, સિદ્દીકીન, સાલેહીન તમામ ગમઝદા છે અને તમામ અશ્કબાર છે.

આવો! ઇમામ હુસૈન(અ.સ)ના પ્યારા ફરઝંદ, સાહેબે અઝા, સૈયદુશ્શોહદા(અ.સ)ના ગમના વારિસ, હઝરત ઇમામ મહદી(અ.સ)ની ઝબાનથી તેમના જદ્દે બુઝુર્ગવારનો મરસીયો સાંભળીએ અને તેમની ખિદમતમાં તેમનાં જદ્દે બુઝુર્ગવારની તઅઝીયત પેશ કરીએ.

*સલામ થાય તે દાઢી પર કે જે ખુનથી રંગીન કરવામા આવી.*

*સલામ થાય ધૂળભર્યા રુખ્સારો પર*

*સલામ થાય તે બદનો પર કે જેનાથી લિબાસને છીનવી લેવામા આવ્યો.*

*સલામ થાય તે હોઠો પર જેના પર છડી મારવામા આવી.*

*સલામ થાય તે સરો પર કે જેને નૈઝા પર બુલંદ કરવામાં આવ્યા.*

*સલામ થાય તે શરીરો પર જે કફન વગર મૈદાનમાં પડયા રહ્યા. જો કે એ સમયે દુનિયામા ન હોવાના લીધે આપ(અ.સ)ની મદદ ન કરી શક્યો અને આપના દુશ્મનો સાથે જંગ અને જેહાદ ન કરી શક્યો.*

*હવે, હું આપ(અ.સ.) પર રડીશ અને સવાર સાંજ ગિર્યા કરીશ. આંસુઓના બદલે ખુન વહાવિશ. ઝાલીમોએ આપ(અ.સ.)ને ચારેય બાજુએથી ઘેરી લીધા હતા અને દરેક આપ(અ.સ.)ને ઝખ્મ લગાવી રહ્યા હતા.*

*આપ(અ.સ.) અને આપ(અ.સ.)ના અહલે હરમની દરમિયાન દુશ્મનની ફૌજ હતી.*

*આપ(અ.સ.)નું કોઈ નાસિર અને મદદગાર ન હતુ.*

*આપ(અ.સ.) સબ્ર કરી રહ્યા હતા.*

*આપ(અ.સ.)ની ઔરતો અને આપ (અ.સ.)ના બચ્ચાઓની તરફથી બચાવ કરી રહ્યા હતા.*

*ત્યાં સુધી કે ઝાલીમોએ આપ(અ.સ.)ને ઘોડાથી ગિરાવી દીધા.*

*આપ(અ.સ.) ઝખ્મોથી ચૂર ચૂર જમીન પર આવ્યા.*

*ઘોડાની ટાપોથી આપ(અ.સ.)ને પામાલ કરવામા આવ્યા.*

*દુશ્મનોએ આપ(અ.સ.) પર હુમ્લો કર્યો.*

*મૌતનો પસીનો પેશાની પર આવ્યો.*

*શ્વાસ રોકાવા લાગ્યો.*

*આપ (અ.સ.) પોતાની ડાબી અને જમણી તરફ જોવા લાગ્યા.*

*નિગાહો ખૈમા તરફ લાગેલી હતી.*

*આ હાલતમા આપ(અ.સ.)નો ઝુલજનાહ ખબર લઈને ખૈમા તરફ આવ્યો. જ્યારે ઔરતોએ જોયુ કે ઝુલજનાહ ખાલી છે. ઝીન ઢળેલું છે.*

*રોતા પીટતા ખૈમાંથી બહાર નિકળ્યા. આપ(અ.સ.)ના મકતલની પાસે આવ્યા.*

*શિમ્ર આપ(અ.સ.)ની છાતી પર બેઠો હતો.*

*તેની તલ્વાર આપ(અ.સ.)ની ગર્દન પર હતી.*

*આપ(અ.સ.)ની દાઢી મુબારક તેના હાથમા હતી.*

*અને તે આપ(અ.સ.)ને ઝબ્હ કરી રહ્યો હતો.*

*અને આપ(અ.સ.)ના એહલે હરમ હસરતથી જોઈ રહ્યા હતા.*

*આપ(અ.સ.)નો શ્વાસ રોકાઇ ગયો.*

*નૈઝા પર સર બુલંદ થઈ ગયું.*

*અહલે હરમ અસીર કરી લેવામા આવ્યા.*

*ઝંજીરોમાં કૈદ કરી લેવામા આવ્યા.*

(ઝિયારતે નાહીયા)

ખુદાવંદા! અહલેબૈત(અ.મુ.સ)ને તે જે બુલંદી અને મંઝેલત અતા કરી છે, જે લોકોએ આવા પ્રકારના ઝુલ્મો સિતમ માટે જમીન તૈયાર કરી અને જે લોકોએ આ ઝુલ્મોમાં સાથ આપ્યો અથવા આપી રહ્યા છે, તેઓ તમામ પર તારી બેશુમાર લઅનત અને ગઝબ નાઝિલ ફરમાવ. વારિસે હુસૈન(અ.સ)ના ઝુહૂરમાં જલ્દી ફરમાવ અને અમને સૌને તેમની સાથે ઈમામ હુસૈન(અ.સ)નો બદલો લેવાની તૌફીક અતા ફરમાવ. આમીન

# મૌતથી જન્નત સુધી ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતની અસરો

અલ મુન્તઝરના મોહર્રમ અંક હિ.સ. ૧૪૨૨માં ''ઈમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વાર, ઝિયારતના ઈરાદાથી વતન પાછા ફરવા સુધી''ના શિર્ષક હેઠળ અમુક બાબતો આપની ખિદમતમાં રજૂ કરી ચૂક્યા છીએ. આ ક્રમને આગળ વધારતા એ બાબત તરફ ઈશારો કરીશુ કે કયામતના મેદાનમાં ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરનાર લોકોનો દરજ્જો કેવો હશે. શક્ય છે કે અમુક લોકોના મનમાં એ વિચાર આવે કે એ કેવી રીતે બની શકે? થોડી ક્ષણોની ઝિયારત અને તેની અગણિત અસરો?

આ વિચાર એટલા માટે આવે છે કે આપણે દરેક બાબતને માત્ર ભૌતિક દ્રષ્ટિથી જોવા માટે ટેવાઇ ગયા છીએ. જો પવિત્ર દીને ઇસ્લામના શિક્ષણને નજરની સામે રાખીએ તો દિલમાં ક્યારે પણ આવો સવાલ પૈદા નહી થાય.

ઇસ્લામની માન્યતાઓ એકબીજા સાથે સાંકળની જેમ જોડાએલી છે. અર્થાત એક માન્યતા ત્યારે જ નજાતનું કારણ બની શકે જ્યારે બીજી માન્યતા તેની સાથે હોય. તવહીદની માન્યતા ત્યારેજ લાભદાયક સાબિત થાય જ્યારે તેની સાથે કયામતની માન્યતા પણ હોય. કયામતની માન્યતા ત્યારે નજાતનું કારણ બનશે જ્યારે નબુવ્વતની માન્યતા તેની સાથે હોય. નબુવ્વતની માન્યતા એ સમયે ગુમરાહીથી નજાત અપાવશે જ્યારે ઇમામતનો અકીદો તેની સાથે હોય. ઇમામતની સાથે અલ્લાહના અદ્લનો અકીદો હોવો જરૂરી છે.

જો કોઇ એમ વિચારે કે ''તૌહિદના અકીદાને પરિપૂર્ણ કરવા માટે બાકીના અકીદાઓ જરૂરી નથી, તેથી જો કોઇ માણસ સંપૂર્ણ રીતે અલ્લાહનો એક હોવાનો અકીદો ધરાવતો હોય અને કયામત અને નબુવ્વત ઉપર અકીદો ન ધરાવતો હોય અને એમ માનતો હોય કે તેમ કરવામાં કોઇ નુકસાન નથી.'' તો આ વિચાર તદ્દન ખોટો છે. કારણ કે તૌહીદના અકીદા માટે જરૂરી એ છે કે તે ખુદાની બધી બાબતો ઉપર યકીન ધરાવતો હોય અને તેની સામે સંપૂર્ણ રીતે સમર્પિત થાય. જ્યારે ખુદાએ કયામતની વારંવાર ચર્ચા કરી છે અને તેના આવવાની ખાત્રી આપી છે, તો કયામતનો ઇન્કાર હકીકતમાં ખુદાની વાતનો ઇન્કાર છે. ખુદાની વાતનો ઇન્કાર કરવાનો અર્થ જ એ છે કે તૌહીદ સંપૂર્ણ નથી.

તેવી જ રીતે જ્યારે ખુદા નબીઓને પોતાના પ્રતિનિધિ બનાવીને લોકોની હિદાયત માટે મોકલ્યા અને તેઓની સચ્ચાઇની દલીલો પણ તેઓની સાથે મોકલી અને નબીઓ પોતાની નબુવ્વતની સાબિતી માટે સ્પષ્ટ દલીલો રજૂ કરી અને એ સાબિત કરી દીધુ કે તેઓ ખુદા તરફથી મોકલાએલા છે, તો આ સંજોગોમાં નબુવ્વતને સ્વિકાર ન કરવુ, શું તે ખુદાના કૌલને જુઠલાવવા સમાન નહી કહેવાય?

અગર કોઇ શખ્સ નબીની નબુવ્વત ઉપર સંપૂર્ણ ઇમાન ધરાવે અને તેમના કૌલને ખુદાનો કૌલ અને તેમના હુકમને ખુદાનો હુકમ ગણે છે, તો પછી તે સંજોગોમાં નબીએ કરીમ(સ.અ.વ.)એ નિયુક્ત કરેલા વસીઓનો, વારસદારોનો સ્વિકાર ન કરવો તે શું ખુદા અને તેના રસુલને જુઠલાવવા જેવુ નથી? શું આ સંજોગોમાં નબુવ્વતનો અકીદો સંપૂર્ણ ગણી શકાશે?

ટૂંકમાં એ કે તૌહીદ કયામત સાથે જોડાએલ છે, તૌહીદ અને કયામત નબુવ્વત સાથે જોડાએલા છે, તૌહીદ, કયામત અને નબુવ્વત, ઇમામત અને અદાલત સાથે જોડાએલ છે. જો કોઇ ઇમામતમાં નથી માનતો, તો ન તો તેની તૌહીદ સંપૂર્ણ છે ન કયામત ઉપરનું ઇમાન સંપૂર્ણ છે, ન તો નબુવ્વત ઉપરનો અકીદો બાકી રહે છે. આ તમામ અકીદાઓ ઉપર સંપૂર્ણ યકીન રાખવું જરૂરી છે.

એક વખત હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ઝકાતની ફઝીલત બયાન કરતા ફરમાવ્યું:

*જો કોઈ ઝકાત અદા ન કરે તો તેણે નમાઝના હુકમનો અમલ નથી કર્યો. નમાઝ તેને પાછી આપી દેવામાં આવશે અને એવી રીતે લપેટી દેવામાં આવશે જેવી રીતે જુનુ કપડુ લપેટી દેવામાં આવે છે. તે નમાઝ તેના મોઢા ઉપર મારવામા આવશે અને તેને કહેવામાં આવશેઃ અય ખુદાના બંદા! ઝકાત વગર તમે નમાઝથી શું ચાહો છો?*

*આ સાંભળીને અસ્હાબે કહ્યુઃ ખુદાની કસમ! એ માણસની હાલત કેવી ખરાબ અને બરબાદ છે.*

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુ :

*"શું હું તેનાથી પણ વધુ ખરાબ અને બરબાદ માણસ વિશે ન કહુ?"*

અસ્હાબે અરજ કરીઃ અય અલ્લાહના રસુલ (સ.અ.વ.)! જરૂર બયાન ફરમાવો.

આપ હઝરત(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*"એક માણસે જેહાદમાં ભાગ લીધો અને બહાદુરીપૂર્વક લડતા લડતા મરણ પામ્યો. હુરોને તેની શહાદતની ખબર મળી. જન્નતના દરવાનોએ તેની રૂહના આવવાની ખબર સાંભળી, જમીનના ફરિશ્તાઓને હુરોના ઉતરવાની અને જન્નતના દરવાનોના આવવાની ખબર પણ આપવામા આવી. તેમ છતા તેમાનું કોઈ એક પણ ન આવ્યુ. તે મરનારની આજુબાજુના હાજર જમીનના ફરિશ્તાઓએ કહ્યુઃ શું થયુ, હજુ સુધી હુરો ન આવી, જન્નતના દરવાન પણ ન આવ્યા? સાતમા આસમાનની બુલંદી પરથી અવાજ આવ્યોઃ અય ફરિશ્તાઓ! આસ્માનની ઉંચાઈ ઉપર જુઓ.*

*ફરિશ્તાઓએ નજર ઉઠાવીને આસમાનની તરફ જોયુ. તે માણસનો તૌહીદનો અકીદો, રસુલે ખુદા(સ.અવ.) ઉપર ઈમાન, નમાઝ, ઝકાત, સદકાઓ અને તમામ નેક અમલો આસ્માનની નીચે રોકી રાખવામાં આવ્યા હતા. તમામ અમલો એક ભવ્ય કાફલાની જેમ ભરેલા છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દરેક બાજુએ મલાએકા જ મલાએકા છે. તે બંદાના આમાલને લાવનારા ફરિશ્તાઓ કહી રહ્યા છે કે આસ્માનના દરવાજા કેમ નથી ખુલતા કે જેથી અમે આ શહીદના આમાલને લઈને હાજર થઈએ. ખુદા હુકમ આપે છે અને દરવાજા ખુલ્લી જાય છે. પછી એક અવાજ આવે છે કે અય ફરિશ્તાઓ, જો તમે દાખલ થઈ શકતા હો તો જરૂર દાખલ થાવ. પરંતુ આ ફરિશ્તાઓ આમાલને ઉપાડી જ નથી શકતા.*

*ફરિશ્તાઓ અરજ કરે છે કે અમે આ આમાલ ઉપાડવાની શક્તિ નથી ધરાવતા. ખુદાના તરફથી અવાજ આવે છે કે અય ફરિશ્તાઓ! તમે આ આમાલને ઉપાડી ઉપર નથી લાવી શકતા. આ આમાલને ઉપર લઈ જવા માટે વસીલો અને સવારી જોઈએ. જેથી આ આમાલ આસ્માન સુધી પહોંચે અને જન્નતમાં જગ્યા મેળવે. ફરિશ્તાઓ અરજ કરે છે કે અય અમારા પરવરદિગાર! તે સવારી શું છે?*

*ખુદા ફરમાવે છેઃ અય ફરિશ્તાઓ! તમે કઈ ચીઝને ઉપાડીને લાવ્યા છો? તેઓ અરજ કરે છે કે તારી તૌહીદ, તારા નબી ઉપર ઈમાન. ખુદા ફરમાવે છે કે આ ચીજોની સવારી મારા નબી (સ.અ.વ.)ના ભાઈ અલી(અ.સ.)ની વિલાયત અને પવિત્ર ઈમામોની વિલાયત છે. તે સવારી જ આ આમાલોને જન્નત સુધી પહોંચાડશે.*

*ફરિશ્તાઓ તેના આમાલને જુએ છે, પરંતુ તેમાં અલી(અ.સ.) અને તેમની પાકીઝા અવલાદની વિલાયત દેખાતી નથી અને ન તેઓના દુશ્મનો સાથે દુશ્મની દેખાય છે.*

*ખુદા તે આમાલ લાવનારા ફરિશ્તાઓને કહે છે કે આ આમાલને અહીંથી લઈ જાઓ. અને મારા મલાએકાઓના કેન્દ્રોમાં જમા કરાવી દો કે જે તેને લાયક છે તે તેને લઇ જશે અને જ્યાંના હકદાર છે ત્યાં રાખી દેશે.*

*આ ફરિશ્તાઓ તે આમાલોને તેને લગતા કેન્દ્રો સુધી પહોંચાડી દેય છે, પછી ખુદાનો અવાજ આવશે અય જહન્નમની આગની જ્વાળાઓ! આ આમાલને લઇ લો અને જહન્નમમાં નાખી દો. એટલા માટે કે આ અમલ કરનાર તે અમલની સવારી અલી(અ.સ.) અને તેમની પાકીઝા અવલાદ(અ.મુ.સ.)ની વિલાયત અને મોહબ્બત લઈને નથી આવ્યો. ફરિશ્તાઓ તે આમાલને લઈને જશે. એ જ આમાલ તે માણસ માટે બલા અને મુસીબત બની જશે. એટલા માટે કે આ માણસ હઝરત અલી (અ.સ.) અને તેમની પાકીઝા અવલાદ (અ.મુ.સ.)ની મોહબ્બત અને વિલાયતને લઈને નથી આવ્યો.*

*પછી તે આમાલ હઝરત અલી(અ.સ.)ના વિરોધી અને તેમના દુશ્મનો સાથે દોસ્તીને અવાજ આપશે. ખુદા કાગડા અને ચીલ જેવા કાળા ચહેરાને તેના ઉપર ઢાંકી દેશે. તે કાળા ચહેરાના મોઢામાંથી આગ નિકળશે અને તેના તમામ આમાલ બરબાદ થઇ જશે. હઝરત અલી (અ.સ.)ના દુશ્મનો સાથે દોસ્તી અને હઝરત અલી(અ.સ.) ની વિલાયતનો ઈન્કાર બાકી રહી જશે, જે તેને જહન્નમની સૌથી ખરાબ જગ્યા પર પહોંચાડી દેશે. તેના તમામ આમાલ બરબાદ થઇ જશે અને તેના ગુનાહ ઘણા વધારે હશે.*

*આ એ શખ્સ છે કે જેની હાલત ઝકાત ન આપવાવાળાથી વધારે ખરાબ અને બરબાદ છે.''*

(તફસીરે ઈમામે હસન અસ્કરી(અ.સ.) પાના ૭૬-૭૯)
(મુસ્તદ્રકુલ વસાએલ, ભાગ:૧, પાના:૧૬૩, હદીસ: ૪૦)

આ પ્રકારની અસંખ્ય રિવાયતો છે, જેના ઉપરથી સમજી શકાય છે કે પવિત્ર અહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત, ઈમામત, મોહબ્બત અને તેઓના દુશ્મનો સાથે નફરત સિવાય કોઇ પણ અકીદો અને કોઇ પણ અમલ અલ્લાહની બારગાહમાં કબુલ નહિ થાય. આ પ્રકારના લોકોનું સ્થાન જન્નતના બદલે જહન્નમમાં હશે.

મઅસુમ ઈમામો અને ખાસ કરીને ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત આ વિલાયત અને મોહબ્બતની અમલી જાહેરાત છે. કારણ કે બધા અમલનો તમામ આધાર વિલાયત અને મોહબ્બત ઉપર છે. આ ઝિયારતો, વિલાયત અને મોહબ્બતને મજબુતી અને અડગતા આપે છે. તેથી ઝિયારત દ્વારા ઝવ્વાર અને ઈમામની વચ્ચે એક દિલી સંબંધ કાયમ થઇ જાય છે. ઝિયારતના શબ્દો આ દિલના સંબંધની જાહેરાત છે. ઝિયારતના શબ્દો એ જાહેર કરે છે કે આ સંબંધ માત્ર લાગણીનો સંબંધ નથી. આ સંબંધ મઅરેફતનો પણ સંબંધ છે. એટલે કે આ સંબંધ તે પવિત્ર વ્યક્તિ માટે છે કે જેને ખુદાએ પોતાના પ્રતિનિધી બનાવ્યા છે અને સમગ્ર કાએનાતને જેમની તાબેદારીનો હુકમ આપ્યો છે. ઈન્સાન સિવાય દુનિયાનો એક એક અંશ તેમનો તાબેદાર છે. પરંતુ ઝાલિમ અને જાહિલ ઈન્સાને તેમને એ રીતે કત્લ કર્યા જે રીતે જાનવરોને પણ કત્લ કરવામાં નથી આવતા.

આ દુનિયામાં જે ઝુલ્મ ખુદાના પ્રતિનિધિ ઉપર છે, તે ખરેખર તો ખુદા પર ઝુલ્મ છે. ઝિયારતમાં મઝલુમ સાથે નિખાલસ હમદર્દી અને ઝાલિમ સાથે સ્પષ્ટ નફરત અને દૂરી છે.

ઝિયારત, ઈમામ સિવાય તેમના દીન, તેમના તરીકા અને તેમના અખ્લાક સાથે સીધો સંબંધ ધરાવે છે. આ ઝિયારતમાં ઈમામના દુશ્મનો, દુશ્મનોના બધા અકીદાઓ, સિધ્ધાંતો, આમાલ અને અખ્લાકથી દૂરી છે.

આવો! એ જોઇએ કે કયામત અને તેના બાદ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરનારાઓના કેવા કેવા દરજ્જાઓ હશે? એ વાત પણ ધ્યાનમાં રહે કે

રિવાયતોમાં જે કાંઇ પણ બયાન કરવામાં આવ્યું છે તે માત્ર આપણી અકલ, સમજશક્તિ અને ગ્રહણ શક્તિ મુજબ છે, ઝવ્વારના સાચા દરજ્જાઓ તો ખુદા અને રસુલ જ બહેતર જાણે છે.

આ નાની એવી પ્રસ્તાવના પછી આવો આપણે જોઇએ કે ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરનારાની કયામતના મેદાનમાં શું શાન અને શૌકત હશે. આ હકીકત માત્ર એજ હઝરાત બતાવી શકે જેની દ્રષ્ટિ દુનિયા અને આખેરત ઉપર સરખી હોય. કયામતના દ્રષ્યો તેઓની સામે એવી રીતે સ્પષ્ટ છે, જેવી રીતે સામે બેસેલો માણસ. અગાઉના લેખમાં આ બાબત ઉપર તો ઇશારો કરી ચુક્યા છીએ કે ઝવ્વારનું સન્માન અને બખ્શીશનો સિલસિલો તો ત્યારથી જ શરૂ થઇ જાય છે જ્યારે ઇન્સાન ઝિયારતનો ઇરાદો કરે છે. સામાન્ય રીતે એવુ બને છે કે લોકો એક વખતની મુલાકાતને વધારે યાદ નથી રાખતા. તેમજ દરેક વખતે તેનુ ધ્યાન અને માન નથી રાખતા. પરંતુ આ પવિત્ર અહલેબૈત(અ.સ.)ની બખ્શીશની શાન અને ગુલામ નવાઝી છે કે જેણે એક વખત તેમની ઝિયારત કરી અને એક વખત મઅરેફતની સાથે તેમની મુલાકાત માટે ગયા તેને તેઓ જીંદગીના દરેક પ્રસંગે ન માત્ર યાદ રાખે છે પરંતુ તેની મુશ્કેલીઓ હલ કરતા રહે છે.

**સકરાત અને રૂહ કબ્ઝ થવામા આસાની :**

કહેવાય છે કે જ્યારે શરીરમાંથી રૂહ નીકળે છે ત્યારે પરિસ્થિતિ ઘણી સખ્ત હોય છે. એવું લાગે છે કે કાંટાળા ઝાડ ઉપર રાખી રેશમી કપડું ખેંચવામાં આવે અને તેના દરેક તાર અલગ-અલગ થઇ જાય. એક તરફ રૂહ કબ્ઝ થવાની મુશ્કેલીઓ અને બીજી તરફ સગા સંબંધીઓ અને દોસ્ત બિરાદરોથી જુદાઇ, પરંતુ ઝવ્વારની આ બધી મંઝીલો આ મઅસુમ ઇમામો(અ.મુ.સ.)ની બરકતોથી આસાન થઇ જાય છે.

*જે માણસ મોતની સકરાત અને કયામતના દર્દનાક દ્રષ્યોથી નજાત મેળવવા ચાહે અને ચાહે છે કે આ બધી મંઝીલો તેના માટે આસાન થઇ જાય તો તેણે ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત વધુમાં વધુ વખત કરવી જોઇએ, કારણ કે ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ઝિયારત છે.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧ પાના:૭૭)
(કામેલુઝઝીયારાત પાના:૧૫૦)

**જનાબે ઝહરા(સ.અ.) તશ્રીફ લાવે છે:**

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે.

*હઝરત ફાતેમા બિન્તે મોહમ્મદ(સ.અ.વ.) તેમના ફરઝંદ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરનારાની પાસે તશરીફ લઇ જાય છે અને તેઓના માટે મગ્ફેરતની દોઆ કરે છે જેના કારણે તેઓના ગુનાહોને માફ કરી દેવામાં આવે છે.*

(કામેલુઝઝીયારાત પાના :૧૧૮)

તે હઝરાત જેઓના ઘરની ખિદમતના માટે મલાએકાઓ ફખ્ર કરે છે, તે હઝરતો ઝવ્વારની મુલાકાતે આવે અને તેમના માટે મગફેરતની દોઆ કરે! ખરેખર કેટલી મહાન ખુશનસીબી છે!

ઇમામ હુસૈન(અ.સ.) તશરીફ લાવે છે:

*અલી બિન મોહમ્મદનું બયાન છે કે હું દર મહિને ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરતો હતો. પછી મારી ઉમર થઇ ગઇ. નબળાઇ આવી ગઇ. એક વખત એવું બન્યું કે ઝિયારત માટે ન જઇ શક્યો. પછી એક વખત પગે ચાલીને ઝિયારત માટે રવાના થયો. થોડા દિવસોમાં પહોંચ્યો. ઝિયારતની નમાઝ પઢ્યો અને સુઇ ગયો. સ્વપ્નમાં હઝરત ઇમામ હુસૈન(અ.સ.) ને જોયા. આપ(અ.સ.) કબ્રની બહાર તશરીફ લાવ્યા છે અને મને ફરમાવ્યુ કે તમે મારી સાથે આટલુ સખ્ત વર્તન કેમ કર્યુ? તમે તો મારા માટે નેક હતા. અરજ કરી, મૌલા! હવે નબળો અને વૃધ્ધ થઇ ગયો છુ, આપ(અ.સ.)ની ખિદમતમા હાજર થયો છુ. આપ(અ.સ.)થી રિવાયત નકલ થઇ છે એ રિવાયત આપ(અ.સ.)ની પવિત્ર ઝબાનથી*

*સાંભળવા ચાહુ છુ. જે આપ(અ.સ.) એ ફરમાવી છે અને તે આ મુજબ છે.*

*આપ(અ.સ.)ના તરફથી આ રિવાયત નકલ થઇ છે કે જેણે પોતાની જીંદગીમાં મારી ઝિયારત કરી તેના મૃત્યુ પછી હું તેની ઝિયારત કરીશ. આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ હા...જો તે જહન્નમમાં હશે તો પણ હું તેને ત્યાંથી બહાર કાઢી લાવીશ.*

(બેહારૂલ અન્વાર ભાગઃ૧૦૧, પાના :૧૬)

બુઝુર્ગ આલીમોએ એના સંદર્ભમાં ફરમાવ્યું છે. શક્ય છે કે ઇમામ હુસૈન(અ.સ.)નું આ રીતે આવવુ મૃત્યુના સમયે હોય અથવા કબ્રમા દફન કરવાના સમયે હોય.

જ્યારે કબ્રમાં ઇન્સાન એકલો હશે, અસહાય હશે, જાત-જાતનો ડર હશે, વહશત અને બેચૈનીની પરિસ્થિતિ હશે, કોઇ મુલાકાતે આવનાર નહી હોય. જો કોઇ આવશે તો પણ બહાર દુરથી ઝિયારત કરશે અને ફાતેહા પઢશે, સૌથી વધુ વ્હાલામાં વ્હાલી વ્યક્તિ પણ કબ્રમાં તેનો સાથ નહી આપે. પરંતુ જેણે ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરી હશે, હઝરત ઇમામ હુસૈન(અ.સ.) તેની ઝિયારત માટે તશરીફ લાવશે. ઇમામ હુસૈન(અ.સ.)ના આવ્યા પછી કોઇ વહશત કે બેચૈની બાકી રહેશે નહી. જ્યારે ઇમામ હુસૈન(અ.સ.) પોતાના ઝવ્વારને ફરમાવશે, ''અસ્સલામો અલૈક'' તો કઇ તકલીફ હશે કે જે દૂર નહી થાય? અને કઇ રાહત હશે કે જે નસીબ નહી થાય?

આ ખુશનસીબી પછી પણ કોણ છે કે જે ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરવામાં જરા પણ વિલંબ કરે?

## ફિશારે કબ્રમાંથી નજાત નસીબ થાય છેઃ

જો આપણને કોઇ ચુટી ભરે અથવા આપણો હાથ અથવા એક આંગળી દરવાજામાં દબાઇ જાય તો કેટલો દુઃખાવો થાય છે? અને તેની અસર ક્યાં સુધી રહે છે? કબ્રની ભીંસ એટલે કબ્રની બંને દિવાલોનું આપસમા મળી જવુ. જ્યારે બંને દિવાલો આપસમા એકબીજાને મળી જશે, ત્યારે વચ્ચે રહેલા મય્યતની હાલત કેવી થશે? આપણે સૌએ એક દિવસ મરવાનુ છે અને કબ્રમા જવાનુ છે. જો આ ભીંસ આપણને થઇ અને ધારી લો કે આ મય્યત આપણે પોતે જ છીએ, તો કબ્રની ભીંસ કેટલી દર્દનાક હશે, જ્યારે પાંસળીઓ એકબીજામાં ખુંચી જશે. આ કલ્પના માત્રથી રૂવાંટા ઉભા થઇ જાય છે. ખરેખર પીડાનુ તો શું જ કહેવુ? હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત અહીં પણ મુશ્કેલીને દુર કરે છે અને કબ્રની ભીંસથી નજાત મેળવવાનુ કારણ બને છે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી રિવાયત છેઃ

*જો લોકો જાણી લેય કે ઇમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારતનો શું સવાબ છે, તો તેના શોખ અને તમન્નામાં લોકોના શ્વાસ રૂંધાઇ જાય.*

રાવીએ પુછ્યુઃ કેટલો સવાબ છે ? આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*જે શોખથી ઝિયારત માટે જશે, ખુદા તેને એક હજાર કબુલ થએલ હજ, એક હજાર નેક ઉમરા, બદ્રના શહીદો જેવા એક હજાર શહીદોનો સવાબ, એક હજાર રોઝેદારોનો સવાબ, એક હજાર કબુલ થએલા સદકાનો સવાબ, ખુદાની ખુશી ખાતર એક હજાર ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે. તે એક વરસ સુધી આફતોથી સુરક્ષિત રહેશે. જેમાં સૌથી હલ્કી આફત શૈતાન છે. ખુદા તેના માટે એક મોહતરમ ફરિશ્તાની નિમણુંક કરશે, જે આગળ પાછળ ડાબે જમણે ઉપર-નીચેથી તેનુ રક્ષણ કરશે. જો તે વરસે તે મૃત્યુ પામે તો રહેમતના ફરિશ્તાઓ તેના ગુસ્લ અને કફનમાં હાજર થાય છે અને તેના માટે ઇસ્તીગ્ફાર કરે છે, તેની કબ્ર સુધી તેના માટે માફી માંગતા તેના જનાઝાની સાથે રહે છે. નજર પહોંચે ત્યાં સુધી તેની કબ્ર વિશાળ અને પહોળી થઇ જાય છે. ખુદા 'કબ્રની ભીંસ' થી*

*તેનું રક્ષણ કરે છે. મુન્કીર અને નકીર તેના માટે ભય અને ખૌફનું કારણ નથી બનતા. તેના માટે જન્નત સુધી એક દરવાજો ખોલી નાખવામાં આવે છે. તેનું આમાલનામું તેના જમણા હાથમાં આપવામાં આવે છે. કયામતમાં તેને એક એવું નૂર અતા કરવામાં આવશે જેનાથી પૂર્વ અને પશ્ચિમ પ્રકાશિત થઇ જશે અને એક મુનાદી નિદા આપશે, આ છે શોખથી ઇમામ હુસૈન(અ.સ.) ની ઝિયારત કરનાર ઝવ્વાર. તે સમયે કયામતમાં એવુ કોઇ પણ નહિ હોય કે જે એ તમન્ના ન કરે કે કેવુ સારૂ થતે કે તે પણ ઇમામ હુસૈન(અ.સ.) નો ઝવ્વાર હોત.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧ પાના:૧૮)
(કામેલુઝ્ઝીયારાત પાના:૧૪૩)

આ અમુલ્ય રિવાયતમાં ફિશારે કબ્રથી નજાતની સાથે સાથે મુન્કીર અને નકીરના ડરથી પણ સુરક્ષિત અને સલામત રહેવાનું વર્ણન કરવામાં આવ્યુ છે. તેઓના રોબ અને ભયના કારણે તેઓને મુન્કીર અને નકીર કહેવામાં આવે છે.

## કયામતનું મેદાન ઝવ્વારના નુરથી પ્રકાશિત થઇ જશે:

ઉપરોક્ત રિવાયતમાં એ પણ છે કે કયામતના મેદાનમાં ઇમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વાર કેવા નુરાની હશે! તેમના નુરથી પુર્વ અને પશ્ચિમ પ્રકાશિત થઇ જશે. પુર્વ અને પશ્ચિમ પ્રકાશિત થશે, એટલું જ નહી બલ્કે કયામતના મેદાનમાં એક ખાસ ફરીશ્તો તેની ઓળખ પણ કરાવશે અને ઝવ્વારની એ શાન હશે કે દરેક માણસ એ તમન્ના કરશે કે કેવુ સારૂ થતે જો મને પણ ઝિયારતનો શરફ મળતે? કેમ ન હોય! જનાબે જોનને ઇમામ હુસૈન (અ.સ.)ની દોઆથી એ નૂર અને ખુશ્બુ મળી જેનાથી આખું મેદાન પ્રકાશિત અને સુગંધિત થઇ ગયુ. આ બધુ એટલા માટે કે ઇમામ હુસૈન(અ.સ.) ખુદાના નૂરથી છે, નૂરનું કેન્દ્ર છે અને જે તેમની સાથે જોડાઇ જાય તે પણ નૂરાની થઇ જશે.

## લેવાએ હમ્દના છાયામાં હશે :

*ખુદાવંદે આલમે મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(અ.મુ.સ.)ને અસંખ્ય મરતબાઓ અને દરજ્જાઓ અતા કર્યા છે, તેમાંનો એક ખુબ જ મહત્વનો અને ભવ્ય 'લેવાઉલ હમ્દ' છે. આ એવો પરચમ છે, જેના ૭૦ ફરેરા છે અને એક ફરેરાની વિશાળતા ચાંદ અને સુરજથી વધારે છે. આ પરચમ ખુદાની તરફથી હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ને આપવામાં આવશે અને આં હઝરત(સ.અ.વ.) પોતાના અલમદાર હઝરત અલી બિન અબી તાલિબ(અ.સ.)ને અતા કરશે. પહેલાથી છેલ્લા સુધી તમામ નબીઓ અને વસીઓ આ પરચમના છાયામાં હશે.*

(હક્કુલ યકીન, અલ્લામા મજલીસી(અ.ર.) પાના: ૪૫૦)

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે:

*કયામતમાં એક મુનાદી નિદા આપશે. ઇમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વાર ક્યાં છે? એટલા લોકો આગળ આવશે કે જેને ખુદા સિવાય બીજું કોઇ ગણી નહી શકે. તે લોકોને સવાલ કરવામાં આવશે:*

*ઇમામ હુસૈન(અ.સ.)ની કબ્રની ઝિયારતથી તમે શું ચાહતા હતા?*

*તેઓ અરજ કરશે કે અમે રસુલે ખુદા (સ.અ.વ.)ની મોહબ્બત, હઝરત અલી અને ફાતેમા(સ.અ.)ની મોહબ્બતમાં ઝિયારત કરી, તેઓના ઉપર ગુજારવામાં આવેલા ઝુલ્મોના બદલામાં તેઓના ઉપર રહેમત માગવા માટે. જવાબ મળશે: આ છે મોહમ્મદ (સ.અ.વ.), અલી, ફાતેમા, હસન અને હુસૈન (અ.મુ.સ.). તમે લોકો તેઓની સાથે જોડાઇ જાવ અને તમે તેઓની સાથે તેમના દરજ્જામાં રહો. આ લોકો રસુલે ખુદા(સ.અ.વ.)ના પરચમના છાયામાં રહેશે અને પરચમ હઝરત*

*અલી(અ.સ.)ના હાથોમાં હશે. આ તમામ લોકો આ પરચમની આગળ આગળ ચાલતા બલ્કે દરેક તરફથી પરચમને પોતાની વચ્ચે લઈને જન્નતમાં દાખલ થશે.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧, પાના: ૨૧)
(કામેલુઝ્ઝીયારાત, પાના:૧૪૧)

ઈમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વારોની શું શાન અને મરતબો છે. કયામતમાં જે પરચમના છાયા નીચે તમામ નબીઓ અને વસીઓ હશે, ઝવ્વારોને પણ એજ પરચમના છાયા હેઠળ જગ્યા મળશે.

## હઝરત રસુલે ખુદા(સ.અ.વ.), હઝરત અલી (અ.સ.) અને નબીઓ (અ.સ.) મુસાફેહા કરશે.

(૧) હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ મોઆવિયા બિન વહબને ફરમાવ્યુ:

અય મોઆવિયા બિન વહબ! કોઈ ડરના કારણે ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારતને તર્ક ન કરશો. શું તમે આવતી કાલે તે લોકોમાં ભળી જવા નથી માગતા જેઓની સાથે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) મુસાફેહા કરશે?

(કામેલુઝ્ઝીયારાત પાના: ૧૧૮)

(૨) હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી બીજી એક રિવાયતમાં આ પ્રમાણે છે:

*અગર કોઈ ઈમામ હુસૈન(અ.સ.) (ની પવિત્ર કબ્ર)ની પાછળ એક નમાઝ પઢે તે કયામતના દિવસે ખુદા સાથે એવી રીતે મુલાકાત કરશે કે દરેક વસ્તુ તેના નૂરમાં ડૂબેલી હશે. ખુદાવંદે આલમ ઈમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વારોની ઈઝ્ઝત અને સન્માન કરશે. આગને તેઓને સ્પર્શ કરવાની રજા નહી આપે. ઝવ્વારનું સ્થાન હૌઝે કવસર હશે. હઝરત અલી(અ.સ.) હૌઝે કવસર ઉપર ઉભા હશે, તેમની સાથે મુસાફેહા કરશે, કવસરના પાણીથી તેઓને સૈરાબ કરશે.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧, પાના: ૭૮)
(કામેલુઝ્ઝીયારાત, પાના:૧૨૩)

(૩) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)થી રિવાયત છે:

*જે કોઈ એક લાખ ચોવીસ હજાર નબીઓ (અ.મુ.સ.) સાથે મુસાફેહા કરવા ચાહતો હોય, તેણે ૧૫ શાબાનુલ્ મોઅઝ્ઝમના ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરવી જોઈએ. મલાએકાઓ અને નબીઓની રૂહો ખુદા પાસે ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારતની રજા માંગે છે અને તેઓને રજા આપવામાં આવે છે. ખુશ કિસ્મત છે, તે લોકો જેમની સાથે નબીઓ મુસાફેહા કરે અથવા જે નબીઓ સાથે મુસાફેહા કરે. તેઓમાં પાંચ ઉલુલ અઝમ પયગમ્બરો છે, જનાબે નુહ (અ.સ.), જનાબે ઈબ્રાહીમ (અ.સ.), જનાબે મુસા(અ.સ.), જનાબે ઈસા (અ.સ.) અને હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)*

(કામેલુઝ ઝીયારત, પાના: ૧૮૧)

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) સાથે મુસાફેહા કરવા મળે તેવી દરેકની દિલી તમન્ના છે અને જેને આ શરફ મળે છે ચાહે તે સ્વપ્નમાં જ કેમ ન હોય? તે પોતાને ખુબજ ખુશકિસ્મત સમજે છે. પરંતુ તે લોકોના દરજ્જાઓ કેવા હશે કે જેઓની સાથે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હઝરત અલી(અ.સ.) અને તમામ નબીઓ (અ.મુ.સ.) મુસાફેહા કરે.

## પુલે સેરાત પર પસાર થવું ઝવ્વાર માટે સરળ થઈ જશે:

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે:

*હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની તરફથી ઝવ્વાર માટે એક ફરિશ્તો મોકલવામાં આવશે. જે સેરાતને હુકમ આપશે કે ઝાએર માટે નરમ થઈ જા. તે જહન્નમની આગને હુકમ કરશે કે તારી કોઈ જવાળા ઝવ્વારની નજીક આવવા ન પામે, ત્યાં સુધી કે ઝવ્વાર પસાર ન થઈ જાય. હઝરત અમીરૂલ*

*મોઅમેનીન(અ.સ.) એ મોકલેલ ફરિશ્તો તેની સાથે સાથે રહેશે.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧ પાના:૭૮)
(કામેલુઝ ઝિયારાત, પાના:૧૨૩)

**કયામતની સખ્તીઓથી નજાતઃ**

કયામતની સખ્તીઓને કુરઆને કરીમે આ રીતે બયાન કરી છે:

*અય લોકો! પોતાના રબથી ડરો અને તકવા ઈખ્તીયાર કરો. બેશક! કયામતનો ઝલઝલો ઘણી મોટી ચીજ છે. જે દિવસે તમે જોશો કે દુધ પીવરાવનાર ઔરતો પોતાના દુધ પીતા બાળકને ભુલી જશે, સગર્ભા ઔરત પોતાના ગર્ભને પાડી નાખશે, તમે તે દિવસે લોકોને મદહોશ પામશો, તેઓ નશામાં નહી હોય, પરંતુ અલ્લાહનો અઝાબ સખ્ત છે.*

(સુરએ હજ, આયતઃ ૧-૨)

આ તો માત્ર કયામતની સખ્તીઓનો એક સામાન્ય નમુનો છે. આ સખ્તીઓથી નજાત હાસિલ કરવી દરેકની શક્તિની વાત નથી, પરંતુ આ સખ્તીઓથી નજાત હાસિલ કરવી પણ જરૂરી છે. ખુદાવંદે આલમે જ્યાં આ પ્રકારની સખ્તીઓની ચર્ચા કરી છે ત્યાં જ તેનાથી નજાત હાસિલ કરવાના તરીકા પણ બતાવ્યા છે. જો આપણે આ સખ્તીઓથી નજાત હાસિલ કરવા માંગતા હોઈએ તો તે રસ્તાઓને પણ અનુસરીએ. આ સખ્તીઓથી નજાત હાસિલ કરવાનો એક મહત્વનો રસ્તો હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત છે.

હઝરત અલી બિન અબી તાલિબ(અ.સ.)નું બયાન છે:

*એક દિવસ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) અમારા ઘરે તશરીફ લાવ્યા. અમે આપ (સ.અ.વ.)ની ખિદમતમાં જમવાનું હાજર કર્યુ...પછી આં હઝરત(સ.અ.વ.) ઘરના ખુણામાં મસ્જીદમાં ગયા. નમાઝ અદા કરી, લાંબો સજદો કર્યો, રડ્યા અને લાંબા સમય સુધી રડતા રહ્યા, જ્યારે સજદામાંથી માથુ ઉંચુ કર્યુ ત્યારે અમારામાંથી કોઇની હિમ્મત ન થઇ કે આં હઝરત(સ.અ.વ.)ને કંઇક સવાલ કરે. એટલામાં ઈમામ હુસૈન(અ.સ.) ઉભા થયા અને આં હઝરત(સ.અ.વ.)ના ખોળામાં બેસી ગયા અને પૂછયુઃ નાનાજાન! કઇ ચીજે આપને આટલા રડાવ્યા?*

*આં હઝરત(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ મારા લાલ! આજે તમને લોકોને જોઇને ઘણો ખુશ હતો. મને આટલી વધારે ખુશી ક્યારેય થઇ ન હતી. એટલામાં જીબ્રઈલે અમીન (અ.સ.) તશ્રીફ લાવ્યા અને તેમણે મને ખબર આપી કે તમે લોકોને શહીદ કરવામાં આવશો. મેં ખુદાની હમ્દ કરી અને તેની પાસે ખૈર ચાહી. ઈમામ હુસૈન(અ.સ.)એ આં હઝરત (સ.અ.વ.)ને પુછયુઃ નાનાજાન! જુદી જુદી જગ્યાઓ ઉપર અમારી કબ્રો હોવા છતા અમારી ઝિયારત માટે કોણ આવશે? ફરમાવ્યુઃ મારી ઉમ્મતનો એક સમુહ મારી ખુશી અને મારી સાથે રાબેતો રાખવા સબબ ઝિયારત માટે આવશે. હું કયામતના મેદાનમાં તેઓની સાથે મુલાકાત કરીશ અને તેમના હાથ પકડી પકડીને કયામતની સખ્તીઓ અને ડરથી નજાત અપાવીશ.*

(કામીલુઝઝિયારાત, પાના:૫૯)

આ રિવાયતોનો અભ્યાસ કરવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે જેઓ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરશે, કયામતમાં તેઓઃ

(૧) હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)થી મુલાકાત કરશે.
(૨) તેઓને તેઓના ગુનાહોથી આઝાદ કરાવશે.
(૩) કયામતની સખ્તીઓથી નજાત અપાવશે.
(૪) જન્નતમાં લઇ જશે.

અગર ઇન્સાન વિચાર કરે કે ક્યાં આપણે સૌથી પસ્ત મખ્લુક, ગુનાહોમાં ડુબેલા, રૂહાની બિમારીઓમાં સપડાએલા, નેકીઓ વિનાના, ન કોઇ ખાસ ઈમાન, ન કોઇ કદર કરી શકાય તેવો અમલ.

ક્યાં દુનિયાની સૌથી મહાન વ્યક્તિ, તમામ

નબીઓ અને મુરસલીનના સરદાર, તમામ કાએનાતના સર્જનનું કારણ. કયામતમાં તેમનાથી વધુ ઉચ્ચ અને સૌથી વધુ મરતબો ધરાવનાર અને અફઝલ કોઇ નહી હોય. તે ઇમામ હુસૈન(અ.સ.)ની કબ્રની ઝિયારત કરનારાઓની ઝિયારત માટે આવે, તેઓની સાથે મુલાકાત કરે. તેઓના હાથ પકડીને દરેક પ્રકારની સખ્તીઓમાંથી નજાત અપાવે અને જન્નતમાં લઇ જાય.

શું આનાથી વધારે કોઇ અન્ય ઇઝ્ઝત કે સન્માનની કલ્પના શક્ય છે?

જ્યાં સુધી શ્વાસ ચાલી રહ્યો છે ત્યાં સુધી ફુરસતને ગનીમત જાણી અલ્લાહ પાસે આજીજીપુર્વક ઝિયારતની દોઆ કરો અને જો ઝિયારત કરી ચુક્યા હોવ તો વારંવાર જવાની દુઆ કરો અને જો ઝિયારત માટે કરબલા જઇ શકાય તેવા સંજોગો ન હોય તો પોતાના ઘરમાં જ ઇમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત પડો.

## સૌથી વધુ શાનો શૌકત હશેઃ

કયામતના મેદાનમાં જ્યાં દરેક પોતાની મુશ્કેલીઓમાં ઘેરાએલ હશે ત્યાં જ હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ના ઝવ્વારોની શાન અને શૌકત કંઇક અલગ જ હશે.

ઝરીહ મહારબીએ હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.)ની ખિદમતમાં અરજ કરીઃ મૌલા! જ્યારે હું મારી કૌમ અને સગાવ્હાલાઓને હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ની મુબારક કબ્રની ઝિયારતના સવાબની જાણ કરૂ છુ, ત્યારે તેઓ મને જુઠલાવે છે અને કહે છે કે તમે હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.) તરફ ખોટી વાતોને જોડો છો. ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*અય ઝરીહ! લોકોની પરવા ન કરો. તેઓ જે તરફ જાય છે તે તરફ જવા દો. ખુદાની કસમ! ખુદાવંદે આલમ ઇમામ હુસૈન (અ.સ.)ના ઝવ્વારો ઉપર ફખ્ર અને ગર્વ કરે છે. અલ્લાહના ખાસ ચુંટાએલા અને અર્શને ઉપાડનારા ફરિશ્તાઓ તેઓનું સન્માન કરે છે. ત્યાં સુધી કે ખુદાવન્દે આલમ મલાએકાઓને કહે છેઃ શું તમે ઇમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વારોને નથી જોઇ રહ્યા? જુઓ કે તેઓ કેવા શોખ અને લાગણીથી આવ્યા હતા. આ તમામ ઇમામ હુસૈન(અ.સ.) અને ફાતેમા ઝહરા(સ.અ.)ની મોહબ્બતમાં આવ્યા હતા.*

*મારી ઇઝ્ઝત, જલાલ અને અઝમતની કસમ! મેં મારી ઇઝ્ઝત અને એહતેરામ તેઓના માટે જરૂરી કર્યો છે. હું તેઓને એ જન્નતમાં જરૂર દાખલ કરીશ જે મેં મારા વલીઓ, મારા નબીઓ અને મારા પયગમ્બરો માટે તૈયાર કરી છે.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૧૦૧, પાનાઃ૭૫)
(કામીલુઝ્ઝીયારાત પાનાઃ ૧૪૩)

## હુરો ઇન્તેઝાર કરી રહી છેઃ

હઝરત ઇમામ મોહમ્મદે બાકીર(અ.સ.) અથવા હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)એ જનાબે ઝોરારહને ફરમાવ્યુઃ

*અય ઝોરારહ! દુનિયામાં જે પણ મોઅમીન છે તેના માટે જરૂરી છે કે તે હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત થકી જનાબે ઝહરા (સ.અ.)ને ખુશ કરે.*

ઇમામ(અ.સ.)એ આગળ ફરમાવ્યુઃ

*અય ઝોરારહ! કયામતના દિવસે હઝરત ઇમામ હુસૈન(અ.સ.) અલ્લાહના અર્શ નીચે બિરાજમાન હશે. ખુદા તેમના ઝવ્વારો અને શીયાઓને ભેગા કરશે. જેથી તેઓ ઇઝ્ઝત, સન્માન, તાજગી, ખુશી અને ભવ્યતાઓને જુએ અને તે બાબતોને જુએ જેની સિફતો ખુદાની સિવાય કોઇને ખબર નથી.*

*એટલામાં જન્નતની હુરોના પ્રતિનિધિઓ તેઓની પાસે આવશે અને કહેશે કે અમને હુરોએ આપની ખિદમતમાં મોકલ્યા છે અને અરજ કરી છે કે તેઓ આપની મુલાકાત માટે બેચૈન છે અને આપ લોકો મોડુ કરી રહ્યા છો! આ કારણે તેઓની ખુશી અને સન્માનમાં વધારો થશે. તેઓ આ પ્રતિનિધિઓને કહેશેઃ*

*અમે ઘણી જલ્દીથી તેઓની પાસે આવીએ છીએ.*

(બેહારૂલ અન્વાર, ભાગ:૧૦૧ પાના:૭૫)

**સૌથી પહેલા જન્નતમાં જશે:**

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ:

*કયામતમાં ઈમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વારોને બાકીના લોકો ઉપર ઉચ્ચતા અને ફઝીલતો પ્રાપ્ત થશે.*

*ઝોરારાએ પુછયુ: શું શું ફઝીલતો હશે? ફરમાવ્યુ: આ હઝરતો બાકીના લોકોની સરખામણીમાં ચાલીસ વરસ વહેલા જન્નતમાં દાખલ થશે, જ્યારે બાકીના લોકો હિસાબ અને કિતાબમાં રોકાએલા હશે.*

(કામેલુઝઝિયારાત, પાના: ૧૩૭)

**જન્નતી દસ્તરખાન:**

*જનાબે અબુ બસીરથી રિવાયત છે કે મેં હઝરત ઈમામ મોહમ્મદે બાકીર(અ.સ.) અથવા હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી સાંભળ્યુ છે:*

*જે શખ્સ જન્નતમાં પોતાનું ઘર અને ઠેકાણું બનાવવા ચાહતો હોય તેણે મઝલુમની ઝિયારત છોડી ન દેવી જોઇએ. અરજ કરી: કોણ મઝલુમ? ફરમાવ્યુ: હુસૈન બિન અલી સાહેબે કરબલા. જે શોખથી, રસુલે ખુદા (સ.અ.વ.), જનાબ ફાતેમા(સ.અ.) અને જનાબે અમીર(અ.સ.)ની મોહબ્બતમાં તેઓની ઝિયારત કરશે, ખુદા તેને જન્નતના દસ્તરખાન પર બેસાડશે અને તે પંજેતનની સાથે જમશે, જ્યારે બાકીના લોકો હિસાબ અને કિતાબમાં સપડાએલા હશે.*

(કામેલુઝઝિયારાત, પાના:૧૩૭)

**૧૦૦ લોકોની શફાઅત કરશે:**

ઘણા ઓછા લોકો એવા હશે કે જેઓ પોતાના ઈમાન અને અમાલના હિસાબે જન્નતમાં જશે. નહી તો દરેક શફાઅતના કારણે જ જન્નતમાં જશે. અમુક લોકો જન્નતમાં જવા માટે શફાઅતના મોહતાજ હશે અને અમુક જન્નતમાં દરજ્જાઓમાં વધારો કરવા માટે શફાઅતના મોહતાજ હશે. શફાઅતનો મૂળ હક ખુદાવન્દે આલમને જ હાસિલ છે. તેણે આ સન્માન અને હક મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ને અતા કર્યો છે. કયામતમાં દરેક લોકો મોહમ્મદ વ આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની શફાઅતના મોહતાજ હશે અહલેબૈત(અ.મુ.સ.) લોકોની શફાઅત કરશે અને અમુક નસીબદાર લોકો એવા પણ હશે કે જેઓને મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની શફાઅત કંઇક એવી રીતે નસીબ થશે કે તેઓ પોતે પણ અન્ય લોકોની શફાઅત કરશે. આ પ્રકારના લોકોમાં હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના ઝવ્વારોને વિશેષ દરજ્જો મળેલ છે.

તુસના એક રહેવાસીએ હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ને પુછયુ: અય ફરઝંદે રસુલ! જે શખ્સ ઈમામ હુસૈન(અ.સ.)ની કબ્રની ઝિયારત કરે તેનું શું સ્થાન છે? ફરમાવ્યુ:

*અય તુસના રહેવાસી! જે મારા વાલિદ હઝરત ઈમામ હુસૈન બિન અલી(અ.સ.)ની કબ્રની ઝિયારત એ મઅરેફતની સાથે કરે કે તે ખુદા તરફથી નિમાએલા ઈમામ છે અને તેમની તાબેદારી વાજીબ અને જરૂરી છે, ખુદા તેના આગળના થઈ ગયેલા અને પછીના થવાવાળા તમામ ગુનાહો માફ કરી દેશે અને ગુનેહગારોના હકમાં તેની શફાઅત કબુલ કરી લેશે. તેઓ (અ.સ.)ની કબ્રની પાસે જે દોઆ માંગવામાં આવશે તે જરૂર કબુલ થશે.*

(આમાલીએ શૈખે સદુક(અ.ર.), પાના:૫૨૬)

આ રિવાયતમાં ૭૦ લોકોની શફાઅતની વાત છે. એક બીજી રિવાયતમાં આવી ૧૦૦ વ્યક્તિઓની શફાઅતની વાત છે જે લોકો માટે જહન્નમનો ફેસલો થઇ ગયો હતો. એટલે કે જો આ શફાઅત નસીબ ન

થતે તો તેઓ જહન્નમમાં જતે.

શૈફ તમ્મારથી રિવાયત છે. હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ને તેણે કહેતા સાંભળ્યાઃ

*કયામતમાં હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના ઝવ્વારો ૧૦૦ વ્યક્તિઓની શફાઅત કરશે. જેમાંના દરેકને માટે દોઝખ જરૂરી ગણવામાં આવી હતી. આ એ લોકો હતા જેઓ દુનિયામાં ઈસરાફ કરતા હતા.*

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ૧૬૫)

એક બીજી રિવાયતમાં છે કે પોતાના ખાનદાનની વ્યક્તિઓ સિવાય એક હજાર દીની ભાઈઓની શફાઅત કરશે.

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયતમાં છેઃ

*અગર કોઈ ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે જાય અને ત્યાં કત્લ કરી દેવામાં આવે, તે સમયનો હાકિમ તેની ઉપર ઝુલ્મ કરે અને તે કત્લ થઈ જાય તો જેવું તેના લોહીનું પહેલુ ટીપુ જમીન ઉપર પડશે તેવા જ તેના તમામ ગુનાહ માફ કરી દેવામાં આવશે. તેના ખાનદાનવાળા અને એક હજાર દીની ભાઈઓના હકમાં તેની શફાઅત કબુલ કરવામાં આવશે.*

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ૧૨૪)

આ શફાઅત મેળવનાર વ્યક્તિઓની સંખ્યામાં તફાવત ઝવ્વારની મઅરેફત અને ઝિયારતની તકલીફો સહન કરવા ઉપર આધારીત છે. જ્યારે આજકાલના ઝવ્વારો કાફલાવાળાને સવાલ કરે છે, તમે તમારા કાફલામાં અમને શું શું સગવડતાઓ આપશો. આવા લોકો ઝિયારતના સફરને એક આનંદ મેળવવા માટેનો સફર સમજતા હોય છે. તેઓ એ ભુલી જાય છે કે આ સફરમાં જેટલી તકલીફો થશે, સવાબ પણ તેટલો જ વધારે મળશે. અફસોસ છે કે તે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતમાં આરામ અને સગવડોની માંગણીઓ કરીએ છીએ, જેમણે ખુદ કરબલાના મેદાનમાં એટલી મુસીબતો અને દુઃખો સહન કર્યા, જેની મિસાલ પહેલેથી છેલ્લે સુધી ક્યાંય જોવા મળતી નથી.

### ખુદાવંદ મુતઆલની રહેમતોમાં હશેઃ

અબ્દુલ્લાહ બિન મુસ્કાને હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ને કહેતા સાંભળ્યાઃ

જે શખ્સ ખુદાવંદે આલમની ખુશનુદી માટે ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરશે, ખુદા તેને ગુનાહોથી એવી રીતે પાક સાફ કરી દેશે જાણે કે તે હમણાં જ માના પેટમાંથી પેદા થયો હોય. આસ્માનના ખુણે ખુણામાંથી ખુદાની રહેમત તેને ઘેરી લેશે. મલાએકા આ રીતે તેને અવાજ દેશેઃ મુબારક થાય! તમે ઝિયારત કરીને પાક સાફ થઈ ગયા અને પછી તેના ખાનદાનમાં તેનું રક્ષણ કરવામાં આવશે.

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ૧૪૫)

### કલેજુ ઠંડુ રહેશેઃ

દુનિયામાં થોડી એવી ગરમી પણ આપણાથી સહન નથી થતી. થોડા તડકામાં શરીર બફાવા લાગે છે. ત્યારે કયામતની ગરમી? એક તરફ કયામતનો ભય, હિસાબ અને કિતાબની બેચૈની, આગથી ઉકળતી જહન્નમ, ભરખી જતી જવાળાઓ, ખુદાનો ગઝબ... આવી પરિસ્થિતિમાં જો કોઈ ચાહે કે તેનું કલેજુ ઠંડુ રહે અને કયામતના મેદાનની ગરમીથી સુરક્ષિત રહે તો તે અરફાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરે.

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.) અને હઝરત ઈમામ અલી રઝા(અ.સ.)થી રિવાયત છેઃ

*જે અરફાના દિવસે (૯મી ઝિલ્હજ્જતુલ્ હરામ) ઈમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારત કરશે, ખુદા તેના કલેજાને ઠંડુ રાખશે.*

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ ૧૭૦)

**મલાએકાના સરદાર હશે:**

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે.

***જેણે અરફાના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરી, ખુદા તેને હઝરતે હુજ્જત(અ.સ.)ની સાથે હજાર હજાર હજ કરવાનો સવાબ આપશે અને ખુદા તેને 'અબ્દીસ્સીદ્દીક' 'મારા સાચા બંદા' કહીને સંબોધશે. મારો આ સાચો બંદો છે, જે મારા વાયદા ઉપર યકીન ધરાવે છે અને મલાએકા કહેશે કે ફલાણો 'સિદ્દીક' છે. ખુદાએ તેને અર્શની ઉપર પાક અને પાકીઝા ગણાવ્યો છે અને તેને દુનિયામાં 'કરૂબી'ના નામથી બોલાવવામાં આવશે.***

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ૧૭૨)

ડિક્ષનરીમાં 'કરૂબી' મલાએકાના સરદારને કહે છે.

કોઇ વસ્તુ સાથે સંબંધ દર્શાવવો તે એક સામાન્ય વસ્તુને મહાન બનાવી દેય છે. ખાનએ કઅબા, કુરઆને કરીમ, મસ્જીદુલ હરામ... આ તમામ ખુદાની તરફથી સંબંધ દર્શાવેલ હોવાના કારણે મહાન અને સન્માન કરવાને પાત્ર છે. આ રિવાતયતમાં ખુદાવંદે આલમ હઝરત ઈમામ હુસૈન(અ.સ.) ના ઝવ્વારને 'અબ્દીસ્સીદ્દીક' (મારો સાચો બંદો) કહીને સંબોધન કરી રહ્યો છે અને તેના માટે 'અબ્દી'નો શબ્દ વાપરી રહ્યો છે. ઝવ્વારનો પોતાની તરફ સંબંધ દર્શાવી રહ્યો છે અને પોતાનો બંદો કહી રહ્યો છે. 'અબ્દીય્યત' એક સૌથી ઉચ્ચ સ્થાન છે. જેનો અંદાજ તશહ્હુદથી થઇ જાય છે. તશહ્હુદમાં હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની રિસાલતની ગવાહી પહેલા તેમની અબ્દીય્યતની ગવાહી આપીએ છીએ.

અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહુ વ રસુલોહ

ઈમામ હુસૈન(અ.સ.)ને શહાદતના કારણે અલ્લાહથી એટલી નઝદીકી હાસિલ થઇ છે કે ઈમામ હુસૈન (અ.સ.)ને 'સારલ્લાહ' કહે છે અને કદાચ આ સંબંધથી જ ખુદાવંદ મુતઆલ ઈમામ હુસૈન (અ.સ.)ના ઝવ્વારને પોતાનો બંદો 'અબ્દી' કહી રહ્યો છે.

**જન્નતના ઉંચા ઉંચા મકાનોમાં જગ્યા મળશે:**

જન્નતમાં જવુ તે દરેકની તમન્ના છે. જન્નતમાં જવુ તે પોતે એક ખુબજ મહત્વનો તબક્કો છે. જહન્નમના અઝાબથી સુરક્ષિત થઇ જવું અને જન્નતમાં ચાલ્યા જવુ એ સહેલુ નથી અને જન્નતમાં ઉચ્ચ સ્થાન અને મકાન મેળવવુ ઘણુંજ મુશ્કેલ છે, પરંતુ મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની વિલાયત અને મોહબ્બત તે મહાન નેઅમત છે જેના સહારે સૌથી મુશ્કેલ બાબતો પણ આસાન થઇ જાય છે અને સૌથી ઉચ્ચ દરજ્જાત સુધી પહોંચવુ શક્ય બની જાય છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે:

***જે કોઈ મઅરેફતની સાથે ઈમામ હુસૈન (અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારત કરશે ખુદા તેને જન્નતના ઉંચા ઉંચા મકાનોમાં આ'લા ઈલ્લીય્યીનમાં સ્થાન આપશે.***

(કામેલુઝ્ઝીયારાત પાનાઃ૧૪૭)

દરેક જાણે છે કે આ'લા ઈલ્લીય્યીન (જન્નતના ઉંચા ઉંચા મકાનો) જન્નતનો સૌથી ઉચ્ચ દરજ્જો છે.

ખુદાવંદે આલમ આપણને સૌને હઝરતે વલીએ અસ્ર ઈમામે ઝમાના(અ.સ.)ની સાથે વારંવાર ઈમામ હુસૈન(અ.સ.)ની પવિત્ર કબ્રની ઝિયારતની ખુશનસીબી અતા કરે. આમીન.

પરંતુ એ વાત પણ ધ્યાનમાં રહે કે ઝિયારત આનંદ મેળવવા માટેની સફર તરીકે ન હોય. આપણે ઝિયારતથી એવી રીતે પરત ફરીએ જેવી રીતે એક બીમાર હોસ્પીટલથી શીફા મેળવીને ઘરે પરત ફરે છે. જ્યારે આપણે ઝિયારતના સફરથી પરત ફરીએ ત્યારે તમામ ખરાબ આદાબ અને અખ્લાકથી પાક થઇને અને દીન અને અહલબૈત(અ.મુ.સ.)ના અખ્લાકથી સુશોભિત થઇને પરત ફરીએ. આમીન...

# અઝાદારી એક ખામોશ જેહાદ

શબ્દ ''જેહાદ'' પોતાની ઝબાન ઉપર જ્યારે આવે છે તો બે જુથોની વચ્ચે જંગનું એક દ્રશ્ય દિમાગમાં ઉભરી આવે છે. ઇતિહાસના અરીસામાં હાબિલ અને કાબિલથી લઇને આજ સુધી અને ભવિષ્યના દુર દુર સુધી તેની અસરો સામે આવી જાય છે, જ્યાં આ દુનિયા ઇન્સાનના ખુનથી રમી રહી છે. દરેક તરફ કમઝોરોની લાશો અને તાકતવરોના ઝુલ્મો સિતમના દ્રશ્યો નજર આવે છે.

ઇસ્લામે સલામતીનો અવાજ આપ્યો, તેની અવાજ પર કમઝોર લોકોના ટોળા તેના પરચમ હેઠળ જમા થવા લાગ્યા. એટલા માટે કુર્આને એલાન કર્યુ:

***અને અમે તો ચાહીએ છીએ કે જેઓને જમીનમાં કમઝોર બનાવી દેવામાં આવ્યા છે, તેમના ઉપર અહેસાન કરીએ અને તેમને લોકોના ઇમામ બનાવીએ અને જમીનના વારિસ બનાવીએ.***

એટલે કે જેહાદનો અર્થ ઝુલ્મથી ઝુલ્મનું ટકરાવુ નથી, પરંતુ બાતિલ પર સાચાઓની જીત છે. આ વિષયે કુર્આનમાં ઇરશાદ છે:

***અને કહી દો કે, હક આવી ગયુ અને બાતિલ ફના થઇ ગયુ કે અંતે બાતિલ તો ફના થવાવાળુ જ છે.***

તેથી આ વાત તમામ ઇસ્લામી રાજ્યોમાં યકીનની મંઝિલ ધરાવે છે કે

***જહાન દર ઇન્તેઝારે તુ અસ્ત***

એટલે કે દુનિયાના કમઝોર લોકો આ જ ઇમામે અસ્ર(અ.સ.)ના ઇન્તેઝારમાં છે.

અહીં એક તરફ સુફીયાની ફૌજનો સમુહ અગર તેઓ અને આ દુનિયાને બરબાદી તરફ લઇ જવાવાળાઓ ચારે તરફથી ઉમટી રહ્યા છે. એક ઘોંઘાટ છે, દિલ કંપાવી દેનારી ખબરો આવી રહી છે.

પરંતુ શું ખુદાની કુદરત ખામોશ છે? એવુ નથી. આદમ(અ.સ.)થી લઇને ખાતમ(સ.અ.વ.) સુધી અઝાએ હુસૈન(અ.સ.)ના નામથી ગુંજી રહી છે. જેનો ઉલ્લેખ લેખકે પોતાના એક લેખમાં લખવાની કોશીશ કરી છે. અઝાએ હુસૈન(અ.સ.) કાલે પણ એક ખામોશ જેહાદ હતો અને આજે પણ છે. કાલે પણ તે મહાન બનાવ પછી કુદરત સુફીયાનીઓના ખોટા પગલાઓને કચડીને આગળ વધી રહી છે અને આજે પણ તે જ રીતે પરવાન ચડી રહી છે.

કરબલાના બનાવ પર પ્રકાશ પાડવાનો આ હેતુ છે કે હક પરસ્તોને કેટલા કમઝોર સમજવામાં આવ્યા હતા. કેટલો નશો હતો તાકતવરોનો.

આશુરાના દિવસે જ્યારે શહાદતોનો કાફેલો પોતાના હેતુ સુધી પહોંચી ગયો, હઝરત સૈયદુશ્શોહદા(અ.સ.)ના મદદગારો, રિશ્તેદારો શહીદ થઇ ગયા, લાશાઓ પાયમાલ થઇ ગયા, માલ-સામાન લુંટી લેવામાં આવ્યો, ઇમામ હુસૈન(અ.સ.)ના ખૈમાઓમાં આગ લગાવી દેવામાં આવી, જાણે કે દુશ્મને પોતાના તરફથી આ જમીન પર કરવામાં આવેલ સૌથી બદતરીન અને ગંદા કામને તેના અંજામ સુધી પહોંચાડવાની પુરી કોશીશ કરી નાખી, ત્યાં સુધી કે એહલે હરમના કેદીઓને લુંટી લીધા પછી તેઓને ખુલા આસ્માન નીચે છોડી દેવામાં આવ્યા.

યઝીદ મલ્ઉને ઝુલ્મને ચરમસીમાએ પહોંચાડયો, શોહદાએ કરબલાની શહાદત પછી આમ વિચાર્યુ કે તેને બયઅત ન મળી શકી પરંતુ હઝરત ઇમામ હુસૈન(અ.સ.) નું કત્લ તેના દબદબા અને હુકૂમતને તાકતવર બનાવી દેશે અને એવા ખોટા વિચારમાં હતો કે શહાદત થતાની સાથે જ આ લડાઇ પોતાના અંજામ સુધી પહોંચી જશે, એટલે કે હવે ન તો ઇમામ હુસૈન(અ.સ.) હશે અને ન કોઇ હકના દાવેદાર અને બાતિલનું જોર વધી જશે.

પરંતુ તે આ જાણતો ન હતો કે આ એક ખુબ જ મોટા ઇન્કેલાબની તે આહટ છે, જે ખુબ જ ઝડપથી ઉભરી રહી છે. જાહેરમાં તો તે ઇમામ હુસૈન(અ.સ.)ના મુબારક સરને નેઝા ઉપર ચડાવીને એમ જ સમજ્યો હતો કે તે આ લડાઇ જીતી ચુક્યો છે

અને થતુ પણ આમ જ અગર કરબલાના કેદીઓ ન હોત. પરંતુ કરબલાના શહીદોનું તે ખુન જે તેમના શરીરમાંથી વહ્યુ તે કરબલાના કેદીઓનો જુસ્સો બનીને દોડવા લાગ્યુ. જેના કારણે બેપરદગી અને અસીરી કે જે ખાનદાને ઇસ્મતો તહારતના માટે મૃત્યુ સમાન છે, આ મૌત પછી પણ બાતિલ વિરૂધ્ધ લડવા માટે તૈયાર થઇ ગયા.

હવે જ્યારે અગિયારમી મોહર્રમ આવી તો આ અગિયારમી મોહર્રમનો દિવસ શોહદાએ કરબલાની શહાદતનો દિવસ તો હતો પરંતુ સાથો સાથ કરબલાના કેદીઓની જંગની શરૂઆતનો પણ હતો. ઇમામ હુસૈન (અ.સ.)નું લશ્કર યઝીદના લશ્કર વિરૂધ્ધ ગઇકાલની જેમ જ મુકાબલા માટે તૈયાર હતુ. પરંતુ કાલે તીર તલ્વાર અને નેઝાઓની જંગ હતી અને આજે જે જંગ શરૂ થઇ છે તેના હથિયારો સબ્ર, ગિર્યા, ખુત્બા અને મઝલુમીયત હતી.

યઝીદ તો ચાહતો હતો કે ઇમામ હુસૈન(અ.સ.)નુ ખાનદાન કરબલામાં જ ખત્મ થઇ જાય એટલા માટે તેણે મલ્ઉન ઇબ્ને ઝિયાદને વારંવાર ખૈમાઓમાં આગ લગાવવાનું કહ્યુ હતુ કે જેથી તેના માટે બહાનાઓ અને સાજીશોનું મેદાન સાફ થઇ જાય અને તે રસુલ(સ.અ.વ.) ની આલ પર બગાવતનો આરોપ નાખીને પોતાને આ સૌથી ખરાબ કામથી પોતાની જાતને અલગ દેખાડી શકે.

પરંતુ અકીલા એ બની હાશિમ, જનાબે ઝયનબ (સ.અ.)એ પોતાના ભાઇની પાયમાલ લાશ પર જ્યારે કહ્યુ કે મારા ભાઇ તારી આ બહેન તારા આ નાહક ખુનને વ્યર્થ નહી જવા દેય અને તારી મઝલુમીયતને ઘરે-ઘરે પહોંચાડશે. ત્યારથી જ કયામત સુધી યઝીદીયતની વિરૂધ્ધ હુસૈનીયતનું ક્યારેય ખત્મ ન થનાર જેહાદનો આગાઝ થઇ ચુકયો હતો.

કરબલાના કેદીઓએ જ્યારે અઝાનો લિબાસ પહેર્યો અને હાયે હુસૈનાના ગિર્યાનો અવાજ બલંદ કર્યો, કાએનાતનું પ્રથમ જુલૂસ હતુ, જેની ઇમામ હુસૈન (અ.સ.)ના ગમ માટે શરૂઆત થઇ. કરબલાના કેદીઓનો ગમનો લિબાસ અને ગિર્યાનો અવાજ એવો હતો કે દરેક સાંભળનારનું કલેજુ ફાટી જાય. એટલા માટે દરેક સમયે રસ્તામાં રોવા પર મનાઇ કરવામાં આવતી રહી અને હાએ હુસૈનાની અવાજ પર કોરડા મારવામાં આવતા હતા.

*રકમ હો ગયા દુર્રોંકે નિશાં સે*
*થા પુશ્તપે ઝયનબકે લિખા હાએ હુસૈના*

અહીં વાંચકો માટે એ વાત જાણવી જરૂરી છે કે અંતે આ ગિર્યા અને રડવાને કઇ રીતે જેહાદ કહી શકાય છે? અગર આપણે ઇતિહાસ તરફ નજર કરીએ અને કરબલા પછીના બનાવો પર નજર કરીએ તો આપણને એ વાત સહેલાઇથી સમજાઇ જશે અને આપણને ખબર પડી જશે કે કરબલાના મેદાનમાં જે જેહાદ થઇ તે સામુહીક જેહાદ હતી અને કરબલા પછી જે જેહાદ કરબલાના કેદીઓએ કરી તે વ્યક્તિગત જેહાદ હતી.

હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ની શહાદતની મઝલુમીયત તે મઝલુમીયત હતી કે જેને અગર પથ્થરની સામે પણ બયાન કરવામા આવત તો તે પણ પિગળીને મીણ થઇ જાત. આલે મોહમ્મદ(અ.મુ.સ.) જે પણ ગલી અને શેરીઓમાં દાખલ થતા અને લોકો હાએ હુસૈનાનો અવાજ સાંભળતા, મઝલુમોના સરોને જોતા, એહલે હરમની લાચારીને જોતા તો તેઓ બેચૈન થઇ જતા. તે હકીકતને જાણવા માટે કે જે હકીકત આ લાચાર લોકોની પાછળ છુપાએલી હતી.

કુફાવાળાઓ પોતાના દગા અને ધોકાબાજી માટે મશહુર હતા. એ અંદાજો લગાવવો કે કોણ પોતાનું છે અને કોણ પરાયુ છે તે ખુબ જ મુશ્કેલ કામ હતુ. આવા તો કેટલાય બનાવો છે કે જેનાથી એ વાત સાબિત થઇ જાય છે જેમ કે એક શખ્સ કે જેનું નામ અબ્દુલ્લાહ બિન હુર જોઅફી હતુ. જે ખાનદાને રિસાલતને ઓળખતો હતો, આપના ચાહવાવાળાઓમાંથી ગણાતો હતો. એક મોટો વેપારી હતો. સફર દરમિયાન જ્યારે તેમની મુલાકાત ઇમામ હુસૈન(અ.સ.) સાથે થઇ અને આપ (અ.સ.)એ તેને કરબલામાં શહાદતની ખબર આપી તો તેણે કહ્યુઃ મૌલા! હું અત્યારે કુફાથી આવી રહ્યો છુ, ત્યાં જનાબે

મુસ્લીમને કત્લ કરી નાખવામાં આવ્યા છે. અને તેમની લાશને ગલીઓમાં ફેરવવામાં આવી રહી છે. આ દ્રશ્ય જોઇને હું ખુબ જ ડરી ગયો છુ, માટે હું આપ (અ.સ.)ને મારી પાસેથી ઘોડાઓ આપી રહ્યો છુ કે જે અરબના સૌથી બહેતરીન નસ્લના ઘોડાઓ છે અને મારા હથિયારો પણ. બધુ આપી દેવા માટે તૈયાર હતો, પરંતુ પોતાને નહી. તેણે પોતાના ડરને મોહબ્બત ઉપર અગ્રતા આપી. ઇમામ હુસૈન(અ.સ.)ને ન તો તેના માલની જરૂર હતી અને ન તો તેની દૌલતની. ઇમામ હુસૈન(અ.સ.)એ તેને જવા દીધો. બીજી તરફ ઝોહૈર ઇબ્ને કૈન હતા, કે જેઓ ઉસ્માની ખિલાફતને માનનાર હતા, પરંતુ જ્યારે હઝરત ઇમામ હુસૈન(અ.સ.)એ જનાબે અલી અકબર (અ.સ.)ને ઝોહૈર ઇબ્ને કૈન તરફ મોકલ્યા તો તેમની પત્નીએ આ વાતને પોતાના માટે ફખ્રને લાયક સમજી અને જનાબે ઝોહૈર ઇબ્ને કૈનને હઝરત ઇમામ હુસૈન (અ.સ.)નો સાથ આપવા માટે સમજાવ્યા અને અંતે જનાબે ઝોહૈર ઇબ્ને કૈન ઇમામ હુસૈન(અ.સ.)ના લશ્કરમાં શામિલ થઇ ગયા. આમ કુફીઓના દિલ અને તેઓની તલ્વારોનો અંદાજ લગાડવો મુશ્કેલ હતો. આ જ કારણ હતુ કે જ્યારે કરબલાના કેદીઓનો કાફેલો કુફામાં દાખલ થયો તો અમુક લોકો ખુશી મનાવી રહ્યા હતા તો અમુક લોકો રોતા અને ગમ મનાવતા નજર આવી રહ્યા હતા. એક તરફ ઇમામ હુસૈન(અ.સ.)નુ સર કે જે મોઅજીઝા અને કરામતોનુ કેન્દ્ર બન્યુ હતુ જ્યારે બીજી તરફ ગમઝદા કેદીઓ પોતાના સગા-સંબંધીઓના ગમમાં ગમગીન હતા.

કુફીઓના આ ભરેલ મજમામાં પહેલી જીત તો કરબલાના કેદીઓના ગમ અને રડવાના અવાજોએ હાસિલ કરી અને પછી બીજી જીત અકીલા એ બની હાશિમ જનાબે ઝયબન (સ.અ.)ના ખુત્બાઓએ અપાવી. જેમાં કુફાવાળાઓને તેઓની બેવફાઇ પર તેમને ઠપકો આપ્યો અને પછી પોતાના ભાઇ હુસૈન(અ.સ.)ની લાચારી અને મઝલુમીને બયાન કરી. જેની અસર એ થઇ કે ચાહવાવાળાઓ પોતાના માથા અને છાતીને પીટવા લાગ્યા અને જુઠાઓ એકબીજા તરફ જોવા લાગ્યા.

ઇતિહાસ કહે છે કે કરબલાના કેદીઓનું કુફામાં દાખલ થવુ અને સોગવારોનું પોતાના સંબધીઓ પર ગિર્યા કરવુ એ કુફાવાળાઓને અંદરને અંદર ખાઇ રહ્યુ હતુ અને તેઓને વિચારવા માટે મજબુર કરી રહ્યુ હતુ કે હવે તેઓનો અંજામ શુ થશે? તેઓએ ઇમામ હુસૈન (અ.સ.)ના કત્લના કાવતરામાં શામિલ થઇને પોતાની દુનિયા અને આખેરતને બરબાદ કરી નાખી છે.

કુફાવાળાઓમાં બદલાવનું કારણ કરબલાના કેદીઓની અઝાદારી અને કરબલાના બનાવોના વર્ણનની અસરના લીધે હતુ. તે ગમનો ઇઝહાર અને તે મુસીબતનું બયાન કે જે ખુબ જ દિલ તડપાવનાર હતુ કે જે લોકો પર અસર કરતુ ગયુ. જાહેરમાં તો આ એક વર્ણન હતુ પરંતુ તેની અસર એટલી ઉંડી હતી કે કુફાવાળાઓના દિલ ફાટી ગયા હતા.

કુફામાં જીત હાસિલ કર્યા પછી આ કરબલાના કેદીઓનો કાફેલો જ્યારે શામમાં દાખલ થયો તો યઝીદ મલ્ઉન તરફથી ફેલાવવામાં આવેલી બદગુમાની અને ખોટી વાતોએ લોકોને એ વાત માટે તૈયાર કરી રાખ્યા હતા કે આવનાર લોકો મઆઝલ્લાહ બેદીન છે અને હુકૂમત વિરૂધ્ધ બગાવત માટે ઉભા થયા છે.

પરંતુ જ્યારે લોકોએ આવા મુકદ્દસ ચહેરાઓને જોયા જેમના ચહેરા પરથી નૂર નિકળી રહ્યુ હતુ, જેમના સર નેઝા પર સુરજની જેમ ઝગમગી રહ્યા હતા, તેમની સાથે અમુક ઔરતો પણ હતી કે જેમને લોકોની મૌજુદગી પરેશાન કરી રહી હતી, જેઓ ઝખ્મી હતી પરંતુ ઝબાન પર 'હાએ હુસૈના'ની સદા હતી.

યઝીદ મલ્ઉન એમ વિચારી રહ્યો હતો કે આટલા બધા મસાએબ સહન કર્યા પછી ઇન્સાનની ફિતરત તેને જીવિત રહેવાની પરવાનગી આપતી નથી. આમ જ વિચારીને તેણે જનાબે સૈયદે સજ્જાદ(અ.સ.)ને બોલવાનો મોકો આપી દીધો. તેને શું ખબર હતી કે આ મોકો તેના માટે મુશ્કેલીઓ ઉભી કરી દેશે. ઇમામ સજ્જાદ(અ.સ.)એ કંઇ પણ ન કર્યુ સિવાય કે પરવરદિગારના વખાણ અને પછી પોતાનો અને

પોતાના ખાનદાનનો મરતબો લોકોને બતાવ્યો, પછી પોતાના વાલિદે બુઝુર્ગવારની મઝલુમીયત ભરી શહાદતનો ઝિક્ર કર્યો. ઇતિહાસના શબ્દો છે કે દરબારમાં એક ક્રાંતિ પૈદા થવાવાળી હતી કે ત્યારે જ યઝીદે સમય ન હોવા છતા અઝાન દેવરાવીને ઇમામ સજ્જાદ(અ.સ.)ના ખુત્બાને રોકવા ચાહ્યુ પરંતુ મુર્ખતા ભરેલ દરેક પગલાઓ લડખડાઇ રહ્યા હતા. આખરે તેણે કરબલાના કેદીઓને કૈદખાનામાં નાખવાનો હુકમ આપી દીધો. ઇમામ સજ્જાદ (અ.સ.)ના બયાનોથી એવુ લાગી રહ્યુ કે જાણે શામીઓ ઉપર કોઇએ આગ વરસાવી હોય. જે લોકો આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની અઝમત જાણતા હતા તેઓએ પોતાના હાથો પોતાના ચહેરા પર માર્યા અને યઝીદથી તેના ખરાબ કામના કારણે નારાજગી જાહેર કરી ત્યાં સુધી કે યઝીદની પત્નીએ પણ તેને ઠપકો આપ્યો, જે આ જેહાદની રાહમાં એક વધુ કામિયાબી હતી.

અહીં ન તલ્વાર ચાલી ન નેઝા, ન તો કોઇ તીર કે ખંજરથી વાર થયો. અહીં અહલેબૈત(અ.મુ.સ.)ની ફઝીલત બયાન થઇ અને શોહદાએ કરબલાના ગમનું વર્ણન થયુ. જેના કારણે દરબારના લોકો બદલાવા લાગ્યા. આ એ જેહાદ હતો કે જેની સામે એક મોટી તાકતવર હુકૂમત મજબુર નજર આવી અને લોકોના દિલો પર જીતના ઝંડા લહેરાવા લાગ્યા. ફર્ક હતો હક અને બાતિલ વચ્ચે અને એલાન હતુ હુસૈનીયતની જીતનું અને યઝીદની હારનું.

બજારથી દરબાર સુધી, દરબારથી કૈદખાના સુધી, જ્યાં સુધી કરબલાના કેદીઓ શામમાં રહ્યા, સતત અઝાદારીમાં મશ્ગુલ રહ્યા. તેમના રોવાના અવાજો જેમાં ખાસ કરીને નાની શહેઝાદી જનાબે સકીનાનું પોતાના બાબાને યાદ કરી કરીને રોવુ શામના લોકોને તડપાવી રહ્યુ હતુ અને દિલમાં ને દિલમાં લોકોની યઝીદ પ્રત્યે નફરત અને ઇમામ હુસૈન(અ.સ.) અને તેમના ખાનદાન પ્રત્યે મોહબ્બતમાં વધારો કરી રહી હતી.

એટલા માટે યઝીદ મલ્ઉનના સલાહકારોએ તેને સલાહ આપી કે આ શોર અને ગિર્યા તારી હુકૂમતને ખત્મ કરીને રહેશે. ભલાઇ એમાં જ છે કે તેઓને છોડી દેવામાં આવે. યઝીદ મલ્ઉનને આ સલાહ ઉપર અમલ કરવાનુ યોગ્ય લાગ્યુ અને કરબલાના કેદીઓને આઝાદ કરવાનો હુકમ આપ્યો. પરંતુ આઝાદ કરવાની સાથે એ પણ શક્યતા હતી કે ક્યાંક ઇમામ સજ્જાદ(અ.સ.) પોતાના વાલિદના કત્લનો બદલો ન લેય. ક્યાંક તેઓ(અ.સ.) પણ પોતાના વાલિદના નાહક ખુનનો વાસ્તો આપીને લશ્કર તૈયાર ન કરે.

પરંતુ યઝીદ મલ્ઉનને ક્યાં ખબર હતી કે એ જંગ કે જે તેણે તલ્વારથી લડી હતી તે તો ખત્મ થઇ ગઇ છે. હવે કરબલાના કેદીઓના બયાનો, યઝીદની હાર અને ઇમામ હુસૈન(અ.સ.)ની જીતનું બયાન કરી રહ્યા છે કે કરબલાના કેદીઓ જીતી ગયા અને કૈદ કરવાવાળા હારી ગયા.

આ અઝાએ હુસૈન(અ.સ.) તે એકમાત્ર જેહાદનો રસ્તો હતો કે જેણે લોકોને મઝલુમોનો સાથ આપવાનુ અને ઝાલિમોનો વિરોધ કરવાનું શિખવી દીધુ.

જેમ કે અમે શરૂઆતમાં બયાન કર્યુ કે એ જંગ કે જે યઝીદ મલ્ઉન મુજબ કરબલામાં શરૂ થઇ પરંતુ તે ત્યાં સુધી શરૂ રહેશે જ્યાં સુધી ખાનએ કાબાથી 'જાઅલ્ હક્ક વ ઝહકલ્ બાતિલ'નો નારો બુલંદ ન થાય. કૈદખાનાથી આઝાદ થવાની ખબર પછી યઝીદ મલ્ઉનના જનાઝામાં છેલ્લી ખીલ્લી મારવાનુ કામ પણ આલેમએ ગૈરે મોઅલ્લેમા જનાબે ઝયનબ(સ.અ.)એ અંજામ આપી દીધુ અને ઇમામ સજ્જાદ(અ.સ.) સાથે કહેવરાવ્યુ કે આઝાદી પછી અમો અઝાદારીએ ઇમામ હુસૈન(અ.સ.) કરવા ચાહીએ છીએ અને તેના માટે એક જગ્યાની વ્યવસ્થા કરવામાં આવે. તે સમયે શહેઝાદીએ તમામ શામના રહેવાસીઓને તે મજલીસમાં શરીક થવા માટે હુકમ આપ્યો અને તે તમામની સામે અઝાદારીએ ઇમામ હુસૈન(અ.સ.)ની શરૂઆત કરી અને આ રીતે પૈગામે હકને લોકો સુધી પહોંચાડવાના કામને અંજામ આપી પોતાના વતન પાછા ફર્યા.

હુકૂમત અથવા એમ કહીએ કે યઝીદીયતને ખબર પણ ન હતી કે તેની બાતિલ હુકૂમતની બુનિયાદને તે

અશ્કે ગમ કમઝોર કરી રહ્યા છે. જ્યાં કરબલાના કેદીઓના આગમન પર શામમાં લાલ પરચમ હતા આજે તે જ શામમાં કાળા પરચમ છે.

એક ઇન્કેલાબ હતો કે જે અશ્કે ગમના સ્વરૂપે દરેક જગ્યાએથી શરૂ થઇ ગયો હતો. મદીનામાં રાત અને દિવસ ઇમામ હુસૈન(અ.સ.)ની અઝાદારીની વ્યવસ્થા કરવામાં આવતી. મર્દોની મજલીસની વ્યવસ્થા ઇમામ સજ્જાદ(અ.સ.) અને ઔરતોમાં મુખદ્દરાતે ઇસ્મત જનાબે ઝયનબ અને ઉમ્મે કુલ્સુમ(સ.અ.) વ્યવસ્થા કરતા હતા અને આ સિલસિલો એક ગામથી બીજા ગામ અને એક શહેરથી બીજા શહેર ફેલાતો જતો હતો. આ અઝાદારી એક એવો જેહાદ હતો કે જેણે લોકોના દિલમાં છુપાએલ બુરાઇને આંસુના સ્વરૂપે બહાર કાઢી અને એક પાક સાફ દિલમાં ઇમામ હુસૈન(અ.સ.)ની ખાલિસ મોહબ્બત હતી કે જેણે લોકોના દિલ અને રૂહ ઉપર કામિયાબીનું એલાન કરી દીધુ અને સન ૬૧ હિજરીથી લઇ આજ સુધી અઝાદારીએ ઇમામ હુસૈન(અ.સ.) એ જેહાદની નિશાની છે કે જેની શરૂઆત કરબલાના કેદીઓએ કરી હતી.

દરેક ઝમાનો ચાહે તે ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નો હોય અથવા ઇમામ મુસા કાઝિમ(અ.સ.) અથવા ઇમામ હસન અસ્કરી(અ.સ.) અથવા હઝરત હુજ્જત(અ.સ.)નો હોય, દરેક ઝમાનામાં ગમે ઇમામ હુસૈન(અ.સ.) જ મરકઝ રહ્યુ. જાહેરી રીતે તો તેને રોકવુ અશક્ય હતુ કારણકે આ ગમ પુરી દુનિયામાં ફેલાઇ ચુક્યો હતો જેથી તેને રોકવુ અશક્ય હતુ, તો તેના પર પાબંદી લગાવવા માટે તેને દરેક ઝમાનામાં શક અને શંકાઓનો શિકાર બનાવવામાં આવ્યો. તેઓ જાણતા હતા કે તલ્વારથી વધારે અસર તે અગણિત આંખોમાંથી નિકળતા આંસુઓની છે જે સૈલાબ બનીને બાતિલને ક્યારે વહાવીને લઇ જાય તેનો કોઇ ભરોસો નથી.

૧૪૦૦ વર્ષ પસાર થઇ ગયા છતા ચાહવાવાળાના ઝખમ હજુ પણ એવાને એવા જ છે. આંખો એવી જ રીતે રડી રહી છે, બાળકો અને બુઝુર્ગો તમામ એવી જ રીતે ગિર્યા કરી રહ્યા છે અને અલી(અ.સ.) અને અવલાદે અલી(અ.મુ.સ.)ની મુસીબત પર આપણે દર વર્ષે અઝાદારી કરીએ છીએ. આ અઝાદારી આપણી ઓળખાણ છે અને તેમાં કરવામાં આવતા દરેક કાર્યો દિલથી અંજામ આપીએ છીએ. એટલા માટે અઝાદારોના દિલ નસ્લ દર નસ્લ ઇમામ હુસૈન(અ.સ.)ના ગમમાં ગમગીન થતા આવ્યા છે. આપણે તે ખામોશ જેહાદમાં શરીક છીએ કે જેના સ્થાપક એહલે હરમના મઝલુમો છે. જેઓએ સખ્તીઓ ઉઠાવી, ખુન વહાવ્યુ, માઇલો સુધી પગપાળા ચાલ્યા પરંતુ આ મકસદને રોકાવા ન દીધો, આ પૈગામને ઘરે-ઘરે પહોંચાડ્યો અને આ જંગને સબ્રની સાથે ખામોશી સાથે લડતા રહ્યા.

આપણું કામ છે અઝાદારીને બરપા કરવુ અને આપણી આ જવાબદારી છે અને કેમ ન હોય? આજે પણ ગયબતના પરદામાં ઇમામ હુસૈન(અ.સ.)ના વારિસ ખામોશીની સાથે અઝાએ હુસૈનીમાં મશ્ગુલ છે. દરેક મજલીસે અઝા, દરેક માતમ તેમની જ દેખરેખ હેઠળ અંજામ પામી રહ્યુ છે. આખરે તેઓ(અ.સ.) જ તેમના વારિસ છે. જેમ કે કુરઆને કરીમની આયત મુજબ ઝુહૂર પછીઃ

> ***અને અમો એ ચાહીએ છીએ કે જે લોકોને જમીનમાં કમઝોર બનાવી દેવામાં આવ્યા તેમના પર અહેસાન કરીએ અને તેમને લોકોના ઇમામ બનાવીએ અને જમીનના વારિસ બનાવી દઇએ.***

અને અલ્લાહે ઇરાદો કર્યો છે કે જેઓ કમઝોર છે તેઓ જમીનના વારિસ બનશે. જેથી આ ખામોશ જેહાદની જીતનુ એલાન પુરી દુનિયામાં ખુને મઝલુમે કરબલાના ઇન્તેકામથી કરશે જેના લીધે આં હઝરત (સ.અ.વ)ના તુટેલા દિલને રાહત મળશે.

પરવરદિગારથી દુઆ છે કે ફરઝંદે હુસૈન(અ.સ.), હઝરતે હુજ્જત(અ.સ.)ના ઝુહૂરમાં જલ્દી કરે અને આપણને હંમેશા અઝાએ હુસૈન(અ.સ.)માં મશ્ગુલ રહેવાની તૌફીક ઇનાયત ફરમાવે.

# સાનીએ ઝહરા, શરીકતુલ્ હુસૈન(સ.અ.)ના અમુક લકબો

કોઇ પણ વ્યક્તિના લકબો તેની શખ્સીયતની ઓળખાણ હોય છે. લકબોને જોઇને કોઇ પણ વ્યક્તિના રહેણી કરણી અને રીતભાતનો અંદાજો લગાવવામાં આવે છે. લકબો બાબતે આ વાત પણ નજરઅંદાઝ ન કરવી જોઇએ કે વ્યક્તિને દેવામાં આવેલો લકબ કોના દ્વારા આપવામાં આવેલ છે? નહિતર આપણને ઇતિહાસના ઉકરડામાં કેટલાય આપમેળે બની બેઠેલા અમીરૂલ મોઅમેનીન મળી આવશે, પરંતુ તેમને આ લકબ આપનાર પોતે ઝમાનાના બદનામ લોકો છે. સય્યદા ઝયનબ (સ.અ.)ના ખાસ લકબો ખુદાના અતા કરેલા છે. આ પ્રકરણમાં આપણે સાનીએ ઝહરા(સ.અ.)ના લકબો અને તેની વિગતો અંગે ટુંકમાં વર્ણન કરીશુ.

## મઅસુમા અને ઇસ્મતે સુગરાઃ

ઇસ્મતનો અર્થ ગુનાહ અને ખતાથી સુરક્ષિત રહેવાનો છે. મઅસુમ શબ્દ અંબીયા અને અવસીયાથી મખ્સુસ છે. જો કે સાનીએ ઝહરા જનાબે ઝયનબ (સ.અ.)નો શુમાર તે લોકોમાં નથી, તેમ છતા આપ (સ.અ.)ની ઝાત માટે ગુનાહ અથવા ખતા અંગે ગુમાન કરવુ પણ ખુદ ગુનાહ છે. આપ(સ.અ.)ની જીંદગી તકવા અને ઝોહદની બેહતરીન મિસાલ છે. આપનો સંબંધ જ ખાનદાને તહારત અને ઇસ્મત સાથે છે. આપનો સંબંધ એ પવિત્ર હસ્તીઓ સાથે છે કે જેઓની તહારતની ઝમાનત ખુદ પરવરદિગાર લેય છે. તેની દલીલ માટે આયતે તત્હીર પુરતી છે. આપ(સ.અ.)ની પરવરિશ મઅસુમીન(અ.મુ.સ.)ની આગોશમાં થઇ છે અને ખુદ આપ(સ.અ.)ની આગોશમાં ઇમામો(અ.મુ.સ.)એ પરવરિશ મેળવી છે. આટલુ જ નહી પરંતુ આપ(સ.અ.) ની ગોદમાં પરવરિશ પામેલ આપ(સ.અ.)થી ઇસ્મતના દર્સ શીખી ઇસ્મતે સુગરાનો દરજ્જો હાસિલ કરી શકયા જેમકે જનાબે અબ્બાસ(અ.સ.) અને જનાબે અલી અકબર(અ.સ.) વિગેરે.

જનાબે ઝયનબ(સ.અ.)ની એ ઝિયારત કે જે આપ (સ.અ.)ના રોઝએ મુકદ્દસમાં પડવામાં આવે છે કે જેમાં આપ(સ.અ.)ના હાલાત આ રીતે વર્ણવવામાં આવ્યા છે.

ઝિયારતમાં છેઃ

***સલામ થાય આપ ઉપર અય ઇસ્મતે સુગરા! હું એ વાતની ગવાહી આપુ છુ કે આપ(સ.અ.) એ તમામ હાલાત, સખ્તીઓ, મસાએબ, બલાઓ અને ઇમ્તેહાનોમાં સબ્ર અને શુક્રથી કામ લીધુ. . . .***

(મઝલુમએ કરબલા, સૈયદ મીર હુસૈન જઅફરી)

## વલીય્યતુલ્લાહઃ

વલીયુલ્લાહ ખુદાના મહેબુબ બંદાઓને કહેવામાં આવે છે. સાનીએ ઝહરા(સ.અ.) કેટલાય કારણોસર આ લકબના હકદાર છે.

**પ્રથમઃ** એ કે આપ(સ.અ.)ની ઇબાદત બહુ જ છે. આપ(સ.અ.) સખ્ત તકલીફોમાં પણ નમાઝો અદા કરતા રહ્યા, મુસીબતોના દિવસોમાં ન ફકત વાજીબ નમાઝો પરંતુ મુસ્તહબ નમાઝો પણ અદા કરતા રહ્યા. આવી ઇબાદતોનું ઉદાહરણ ફકત ખુદાના નેક બંદાઓ જ પેશ કરી શકે છે.

**બીજુઃ** એ કે ખુદાના દીનને બાકી રાખવા માટે આપ (સ.અ.)એ ખુબ જ તકલીફો, મસાએબ અને અઝીમ કુરબાનીઓ પેશ કરી. રાહે ખુદામાં અઝીય્યતો સહન કરી અને પોતાના વતનને છોડ્યુ. દીને ખુદાની હિફાઝત માટે પોતાના બંને દિકરાઓની કુરબાની અને લાંબા સમય સુધી કૈદની મુસીબતો સહન કરી.

**ત્રીજુઃ** રસુલે ખુદા(સ.અ.વ.)ની હદીસઃ ઉદાહરણ તરીકે આ હદીસને જ જોઇએ કે ''જે ઇમામ હુસૈન(અ.સ.)ને દોસ્ત રાખે તેને ખુદા દોસ્ત રાખે છે'' આ હદીસથી એ જાણવા મળે છે કે જે ઇમામ હુસૈન

(અ.સ.)થી મોહબ્બત રાખે છે, ખુદા તેનાથી મોહબ્બત રાખે છે અને તે અલ્લાહનો દોસ્ત એટલે કે વલીયુલ્લાહ છે.

જ્યારે ઇમામે હુસૈન(અ.સ.) રહબા નામની જગ્યાએ પહોંચ્યા અને હુર ઇબ્ને રિયાહી સાથે મુલાકાત થઇ અને હુરે ઇમામે હુસૈન(અ.સ.)નો રસ્તો રોકયો તો ઇમામ(અ.સ.)એ તેના પર નફરીન કરી. જનાબે સકીના (સ.અ.) ફરમાવે છે કે, હું આ બનાવ જોઇને ફુફીજાન પાસે ગઇ અને રડતા-રડતા પુરો બનાવ વર્ણવ્યો. તે સમયે ફુફી ઝયનબ(સ.અ.)એ આ શબ્દોમાં નૌહા અને ફરીયાદ કરીઃ

*હાય નાના! હાય બાબા અલી! હાય હસન! હાય હુસૈન! હાય મદદગારોની કમી! ખબર નહી કેવી રીતે દુશ્મનોથી નજાત મળશે. અય કાશ! દુશ્મન એ વાત પર રાઝી થઇ જાય કે મારા ભાઇના બદલે અમને બધાને કત્લ કરે.*

જનાબે ઝયનબ(સ.અ.)ના આ અલ્ફાઝથી ઇમામ હુસૈન(અ.સ.)થી આપ(સ.અ.)ની શદીદ મોહબ્બત જાહેર થાય છે અને ફક્ત આટલુ જ નહી કે ફકત સાનીએ ઝહરા(સ.અ.)ને જ સૈયદુશ્શોહદા(અ.સ.)થી બેપનાહ મોહબ્બત હતી, પરંતુ આપ(સ.અ.)ની શાન પણ એટલી જ અઝીમ છે કે ઇમામ હુસૈન(અ.સ.) પણ પોતાની બહેનથી એવી જ મોહબ્બત અને શફકતનો ઇઝહાર કરતા હતા.

## આલેમતો ગૈરો મોઅલ્લેમાઃ

આનો અર્થ તે આલેમા છે કે જેણે કોઇ ઇલ્મ શીખવનાર ઔરત પાસેથી ઇલ્મ હાસિલ કર્યુ ન હોય. આ લકબ આપ(સ.અ)ને ઇમામ ઝયનુલ આબેદીન(અ.સ.) આપ્યો હતો. ઇમામ(અ.સ.)એ જનાબે ઝયનબ(સ.અ.) ની તસલ્લી માટે અને આપ(સ.અ.)નો મરતબો જાહેર કરવા માટે આ અલ્ફાઝનો ઉપયોગ કર્યો હતો. જ્યારે જનાબે ઝયનબ(સ.અ.) કુફાના જાહેર મજમામાં ખુત્બો ઇરશાદ ફરમાવી રહ્યા હતા, તો આપના ચહેરાનો રંગ બદલવા લાગ્યો. ઇમામ(અ.સ.)ને ખૌફ લાગ્યો કે ક્યાંક આપ(સ.અ.)ની રૂહ ન નિકળી જાય. એટલા માટે આપ (અ.સ.)એ અદબ સાથે અરજ કરી કેઃ

*અય ફુફીજાન! યોગ્ય છે કે આપ(સ.અ.) ખામોશ થઇ જાવ. જે બાબતો પસાર થઇ ચુકી છે તેના કરતા હવે થનાર બાબતો વધારે મોઅતબર છે. અલહમ્દો લિલ્લાહ આપ(સ.અ.) તો આલેમતો ગૈરે મોઅલ્લેમા અને ફહેમાતો ગૈરે મુફહ્હેમા છો.*

ઇમામ આલી મકામ(અ.સ.)ના આ વાક્યોથી આ વાત સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે સાનીએ ઝહરા(સ.અ.) એ કોઇ મોઅલ્લેમાની પાસે તઅલીમ હાસિલ કરેલ નથી. આપ(સ.અ.)નું ઇલ્મ વહીની જેમ હતુ, જે અન્ય કોઇ ગૈરે મઅસુમ પાસે ન હતુ. એટલે કે અલ્લાહે અતા કરેલ ઇલ્મ હતુ, હાસિલ કરેલુ ન હતુ.

## ઝાહેદાઃ

જનાબે ઝયનબ(સ.અ.)નો એક લકબ ઝાહેદા છે, જેનું કારણ વધારે પ્રમાણમાં ઝોહદ અને ઇબાદત છે. આપ(સ.અ.)ના ઝોહદ અને તકવાના બારામાં કિતાબ ''સૈયદા(સ.અ.)કી બેટી''માં મૌલાના રાઝેકુલ ખૈરી લખે છે કેઃ

*''ઝયનબે કુબરા(સ.અ.)નો ઝોહદ અને તકવા એ દરજ્જાનો હતો કે ખુબ જ ઓછી ઔરતોને નસીબ થયુ હશે. દુનિયાના ઘરેણા, દુનિયાની લઝ્ઝતો, દુનિયાની વસ્તુઓથી તેમને કોઇ લગાવ ન હતો. દુન્યવી સુખ, દુન્યવી સામગ્રી અને દુન્યવી રાહત ઉપર તેઓ(સ.અ.) હંમેશા આખેરતને અગ્રતા આપતા હતા.''*

ખુદાવંદ તઆલા ફરમાવે છેઃ

*અલ્ માલો વલ્ બનૂન ઝીનતુલ્ હયાતિદ્ દુન્યા*

*માલ અને ઔલાદ દુનિયાની ઝીનત છે.*

અને આ દુનિયાની ઝીનતને છોડી દેવાનું નામ ઝોહદ છે. જનાબે ઝયનબ(સ.અ.)એ જનાબે સૈયદા (સ.અ.)ની સીરત પર અમલ કરવાના લીધે પણ માલ જમા કરવાની કોશીશ ન કરી, પરંતુ તે ચીજોને હંમેશ હકીર અને ઝલીલ સમજી. સાથો સાથ પોતાના બંને વ્હાલા દિકરાઓને ખુદાની રાહમાં કુરબાન કરી દીધા અને તેમના ઉપર રડ્યા પણ નહી અથવા તેમની જુદાઇનો ગમ પણ ન મનાવ્યો. આ તમામ વાકેઆથી આપ(સ.અ.)નો લકબ ઝાહેદા આપ(સ.અ.)ની શખ્સીયતમાં ઝોહદની તમામ સિફતોની એક સંપુર્ણ વ્યાખ્યા છે.

## રાઝેયતો બિલ કદ્રે વલ્ કઝા

આ લકબનો અર્થ જનાબે ઝયનબ(સ.અ.)ની શખ્સીયતને જોઇને સારી રીતે સમજી શકાય છે. આપ (સ.અ.)એ તમામ મસાએબ અને બલાઓને ખુબ જ સબ્ર, શુક્ર અને અડગતાથી બરદાશ્ત કર્યા. આપ (સ.અ.) અગર ખુદાએ અતા કરેલ કુવ્વત અને ઇખ્તેયારનો ઉપયોગ કરત તો આપ(સ.અ.) પહાડોને પણ ટુકડે ટુકડા કરી નાખત, પરંતુ આપ(સ.અ.)એ આ ઇખ્તેયાર હોવા છતા સબ્ર અન સહનશીલતાથી કામ લીધુ અને ખુદાની મરઝીની સામે માથુ ઝુકાવવાની સાથે સફર અને સખ્તીની હાલતમાં સખ્તીઓ અને મસાએબને આવકાર્યા. આપ (સ.અ.)નો અલ્લાહથી કુરબતનો એ દરજ્જો હતો કે જ્યારે હઝરત સૈયદુશ્શોહદા(અ.સ.)ની શહાદત થઇ અને નેઝા પર બલંદ ભાઇનું ખુન વહેતુ મુબારક સર જોયુ તો બંને હાથ ઉઠાવીને અલ્લાહ જલ્લ શાનહુની બારગાહમાં અરજ કરીઃ ‘‘બારેઇલાહા! આ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની કુરબાની કબુલ ફરમાવ’’

## બાકીયતાઃ

એટલે કે ખુબ જ વધારે પ્રમાણમાં રડનાર. આપ (સ.અ.)નો આ લકબ ખુદાના ખૌફથી અને હઝરત સૈયદુશ્શોહદા(અ.સ.)ની મુસીબત ઉપર ખુબ જ વધારે પ્રમાણમાં રડવાના લીધે હાસિલ થયો. આ બંને અમલ બહેતરીન ઇબાદતોમાં શામિલ છે. હદીસમાં મળે છે કેઃ

*કુલ્લો અય્નીન્ બાકેયતુન્ યવ્મલ કેયામતે ઇલ્લા અય્નુન્ બકત્ મિન્ ખશ્‌યતિલ્લાહે*

*કયામતના દિવસે તમામ આંખો રડશે સિવાય કે તે આંખ કે જે દુનિયામાં ખૌફે ખુદામાં રડી હશે.*

અને હઝરત સૈયદુશ્શોહદા(અ.સ.) પર રડવા બાબતે હદીસમાં જોવા મળે છેઃ

*મન્ બકા અવ્ અબ્કા અવ્ તબાકા અલલ્ હુસૈને અલૈહિસ્સલામો વજબત્ લહુલ જન્નતો*

*જે કોઇ હુસૈન(અ.સ.) પર રડે અથવા રડાવે અથવા રડવા જેવી સુરત બનાવે, તેના પર જન્નત વાજીબ છે.*

જનાબે ઝયનબ(સ.અ.)ની જીંદગીનો અભ્યાસ કરવાથી એ માલુમ પડે છે કે આપ(સ.અ.) કેટલા પ્રમાણમાં ખૌફે ખુદાથી રડતા હતા અને જ્યાં સુધી સૈયદુશ્શોહદા(અ.સ.) ઉપર રડવાની બાબત છે તો આપ (સ.અ.)એ ફકત પોતાના ભાઇનું માતમ કર્યુ, ત્યાં સુધી કે પોતાના બાળકો પર પણ એટલુ ગિર્યા ન કર્યુ, જેટલુ સૈયદુશ્શોહદા(અ.સ.)ની મુસીબતો પર ગિર્યા કર્યુ.

આ ઉપરાંત આપ(સ.અ.)એ ઇમામ હુસૈન (અ.સ.) ની અઝાદારીની બુનિયાદ રાખી જેના કારણે આજે દુનિયામાં હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.)નો ગમ મનાવવામાં આવે છે અને આપ(અ.સ.)ના મસાએબને યાદ કરીને રડે છે. આપ(સ.અ.)એ સૌપ્રથમ સૈયદુશ્શોહદા(અ.સ.)ની મજલીસ ખુદ યઝીદ મલ્ઉનના ઘરમાં બર્પા કરી અને કયામત સુધી અઝાદારીએ સૈયદુશ્શોહદા(અ.સ.)નો ઇન્તેઝામ કરી નાખ્યો.

## આબેદા

આપ(સ.અ.)ની ઇબાદતના બારામાં ઇમામ હુસૈન (અ.સ.)ની વસીયતનો એ જુમ્લો પુરતો છે,

આશુરાના દિવસે આખરી રૂખ્સતના સમયે સૈયદુશ્શોહદા(અ.સ.) એ જનાબે ઝયનબ(સ.અ.)ને ફરમાવ્યુ:

*યા ઉખ્તાહો લા તુન્સેની ફી નાફેલતિલ્ લૈલે*
*અય બહેન! નાફેલએ શબ પડતી વખતે મને ન ભુલતા.*

આ જુમ્લામાંથી કેટલાય તારણો કાઢી શકાય છેઃ

**પહેલુઃ**

આ જુમ્લાથી જનાબે ઝયનબ(સ.અ.)ની નમાઝે શબની પાબંદીનો ખ્યાલ આવે છે. આલીમે જલીલ હાજી શૈખ અબ્દે બાકિર પોતાની કિતાબ કુરબતે અહેમદમાં અલ મકાતિલે મોઅતબેરાથી જનાબે ઝયનુલ આબેદીન (અ.સ.)ની હદીસ બયાન કરે છે કે, શામના સફરમાં એ તમામ મસાએબ અને સખ્તીઓ જે આપ(સ.અ.) ઉપર પડી એ છતા આપ(સ.અ.)એ ક્યારેય નમાઝે શબ તર્ક ન કરી. આપ(સ.અ.) ખુબ જ વધારે ઇબાદતોના લીધે ખુદાવંદે મુતઆલની નઝદીક ઉચ્ચ દરજ્જા પર ફાએઝ હતા, જેથી આપ(સ.અ.) આબેદા લકબથી મશ્હુર છે.

**બીજુઃ**

ઇમામ હુસૈન(અ.સ.) આ વાતથી ખુબ જ સારી રીતે વાકેફ હતા કે આપ(અ.સ.)ની શહાદત પછી આપ (અ.સ.)ના એહલે હરમને કૈદ કરવામાં આવશે અને તેઓને કૈદખાનામાં સખ્તીઓ અને મુસીબતોનો સામનો કરવો પડશે. પરંતુ આ જુમ્લો બતાવે છે કે ઇમામ હુસૈન (અ.સ.)ને યકીન છે કે જનાબે ઝયનબ(સ.અ.) મુશ્કેલીઓ હોવા છતા નમાઝે શબની પાબંદી કરશે.

**ત્રીજુઃ**

એ ખ્યાલ આવે છે કે ઇમામે વક્ત જેનાથી નમાઝે શબમાં ન ભુલવાની ભલામણ કરે તેમની નમાઝ કેટલા દરજ્જાની હશે?

**શજીઅ્યા**

શુજાઅતથી મુરાદ દિલની તાકત છે. હદીસમાં છે કેઃ

*અશ્જઉન્નાસે મન્ ગલબ હવાહો*
*સૌથી વધારે શુજાઅ શખ્સ તે છે જે પોતાના ખરાબ નફસ પર ગાલિબ આવી જાય.*

આ હદીસથી જનાબે ઝયનબ(સ.અ.)ની શુજાઅત સાબિત છે. આપ(સ.અ.)ના વાલિદે ગિરામી હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.)ની શુજાઅત મશ્હૂર છે અને આ શુજાઅત આપ(સ.અ.)ને વારસામાં મળેલ છે. આશુરએ મોહર્રમથી પહેલાનો માહોલ હોય કે પોતાના ભાઇ ઇમામ હુસૈન(અ.સ.)ના કત્લ પછીના હાલાત, શામના કૈદખાનાની મુસીબતો હોય કે કુફા અને શામના બજારોમાં કૈદીઓની હાલત, દરબારે યઝીદ હોય કે મદીના પરત ફરવાનો સફર, દરેકે દરેક મૌકા પર હઝરતે ઝયનબ(સ.અ.)એ પોતાની શુજાઅતનો ઉપયોગ કરીને પોતાના ભાઇના પયગામને ફેલાવ્યો. પોતાના ભાઇના મકસદને ઉજાગર કરવામાં સાનીઅતુઝ્ ઝહરા (સ.અ.)નો કિરદાર મહત્વનો રહ્યો છે. આ બધુ તે દીલેર ખાતુનની શુજાઅતના લીધે શક્ય બન્યુ.

ફાઝિલ દરબંદી(અ.ર.) કહે છે કે જનાબે ઝયનબ (સ.અ.)ના તે ખુત્બાઓથી કે જે આપ(સ.અ.)એ ઇબ્ને ઝિયાદ અને યઝીદના દરબારમાં આપ્યા, આપ (સ.અ.) ના રોબ અને જલાલ તેમજ બહાદુરીનો હાલ જાહેર થાય છે. આપ(સ.અ.)એ ભરેલ દરબારમાં યઝીદને કાફિર અને ઝિન્દીક કહ્યો.

આ જ રીતે આપ(સ.અ.)ના ખુત્બાથી આપ (સ.અ.)ની બહાદુરીનો ખ્યાલ આવે છે. આ ખુત્બાઓથી આપ(સ.અ.)એ યઝીદની હાર અને ઇમામ હુસૈન (અ.સ.)ની જીત અને હકકાનીયતનું એલાન કર્યુ છે.

**નાએબે ઝહરા(સ.અ.)**

જનાબે ઝયનબ(સ.અ.)ને નાએબે ઝહરા(સ.અ.) એટલા માટે કહેવામાં આવે છે કે આપ

તમામ સિફાતો અને ફઝીલતોમાં આપના માદરે ગિરામીના જેવા હતા. આપ(સ.અ.)એ ઇસ્મત, તહારત અને સદાકત વિગેરે ખાસિયતો પોતાના માદરે ગિરામીથી વારસામાં મેળવેલ છે. આપ(સ.અ.)ને આ લકબો આપવા માટે ઘણા કારણો છે.

**પ્રથમઃ** સહાબાની ઔરતો આપ(સ.અ.)ના વર્તાવ, વાતચીત, આદતો, રીતભાત અને અખ્લાકને જોઇને કહેતા હતા કે આપ(સ.અ.) પોતાની માતાના જાનશીન છે.

**બીજુઃ** ઇમામ હુસૈન(અ.સ.) સાથે આપ(અ.સ.)નો વર્તાવ એવો જ રહ્યો જેવી રીતે માતાનો. અગર જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) જીવિત હોત તો પોતાના વ્હાલા દિકરા સાથે આજ પ્રકારનો સુલુક રાખત.

**ત્રીજુઃ** રસુલે અકરમ(સ.અ.વ.)ની શહાદત પછી લોકોએ અમીરૂલ મોઅમેનીન(અ.સ.)નો હક ગસબ કરી લીધો હતો અને તેમના કત્લ માટે તૈયાર થઇ ગયા, જનાબે સૈયદા(સ.અ.)એ જેવી રીતે તેમની હિફાઝત કરી એવી જ રીતે જનાબે ઝયનબ(સ.અ.)એ પણ ઇમામ સજ્જાદ (અ.સ.)ને પણ ઝાલીમોના નુકશાનથી મહેફૂઝ રાખ્યા અને તેમની હિફાઝત કરી.

### અલ્ ફસીહતો વલ્ બલીગહઃ

એટલે ફસાહત અને બલાગત ધરાવનાર. આપ (સ.અ.)ની ફસાહત અને બલાગતનો હાલ આપ (સ.અ.)ના બયાનો અને ખુત્બાઓથી જાહેર થાય છે. જનાબ રાઝેકુલ ખૈરી પોતાની કિતાબ 'સૈયદા(સ.અ.)કી બેટી'માં લખે છે કેઃ

*''બીબી ઝયનબ(સ.અ.)ને ખિતાબતના ક્ષેત્રમાં અસાધારણ મહારત હાસિલ હતી. આપ(સ.અ.)ના બયાન દર્દ અને અસરકારકતાથી એ પ્રકારે ભરેલા હતા કે સાંભળનારાઓની આંખોમાં આપમેળે આંસુ આવી જતા હતા. એટલા જ માટે આપ(સ.અ.)ને ફસીહા અને બલીગા કહેવામાં આવે છે. એ સાચુ છે કે કુદરતે તેમને ફસાહત અને બલાગતનો તે હુનર અતા કરેલ હતો કે જે ખુબ જ ઓછી ઔરતોને મળેલ છે. યઝીદના દરબારમાં, કુફાના હાકિમની સામે અને કુફાની બજારોમાં બીબી ઝયનબ (સ.અ.)એ જે તકરીરો કરી હતી તે બતાવે છે કે, ખિતાબતના હુનરમાં બીબી ઝયનબ (સ.અ.)નો દરજ્જો ખુબ જ ઉચ્ચ છે.*

*''ઇલ્મ, ફઝ્લ અને ફસાહત અને બલાગતમાં હઝરત અલી(અ.સ.) પોતાની કોઇ મિસાલ ધરાવતા ન હતા. નસ્ર વ નઝ્મ બંનેમાં આપ(અ.સ.)નો રૂત્બો બલંદ હતો. આપ(અ.સ.)ની તકરીરો ખુબ જ ઉચ્ચ દરજ્જાની અને ફસાહત અને બલાગતવાળી હોતી હતી અને એટલી જ દિલને સ્પર્શનારી અસકરકારક, ફસાહત અને બલાગત, સબ્ર અને અડગતા અને મુસીબતના સમયે સુકુન અને ઇત્મીનાનની સિફતો હઝરત અલી (અ.સ.)ની ઔલાદમાં ખાસ કરીને આપ (અ.સ.)ની સાહબઝાદી હઝરત ઝયનબ (સ.અ.)માં જોવા મળે છે. પરંતુ એમ કહેવુ જોઇએ કે શેરે ખુદાની મોટા ભાગની સિફતો બીબી ઝયનબ(સ.અ.)માં હતી.''*

એ જ કારણસર તો આપ(સ.અ.)નુ પવિત્ર નામ ''ઝૈન-અબ'' એટલે બાપની ઝીનત નકકી થયુ. અય અલ્લાહ તબારક વ તઆલા અમો તારી બારગાહમાં તારા અસ્માએ હુસ્નાને પોતાની ઝબાનથી દોહરાવતા શહઝાદી ઝયનબ(સ.અ.)ના વસીલાથી દુઆ કરીએ છીએ કે અમારા ઇમામ હુજ્જત ઇબ્નીલ હસન (અ.સ.)ના ઝુહૂરમાં જલ્દી ફરમાવ. આમીન સુમ્મ આમીન.

# ઝર્રા ઝર્રા સૈયદુશ્શોહદા(અ.સ.)ના અઝાદાર

અઇમ્મએ મઅસુમીન(અ.મુ.સ)થી જે રિવાયતો વર્ણન થઇ છે, તેમાંથી એક મહત્વનો બાબ ઝિયારતો પર આધારિત છે. આ વિષય પર આપણા ભરોસાપાત્ર અને વિશ્વાસુ ઓલમાઓએ સ્વતંત્ર કિતાબો સંકલિત કરી છે અને ખુબ જ મોઅતબર અને સનદની દ્રષ્ટિએ સહીહ ઝિયારતો વર્ણન કરી છે.

સામાન્ય રીતે લોકો ઝિયારતોના સવાબ પ્રત્યે ધ્યાન આપતા હોય છે અને ઝિયારતમાં જે બાબતો બયાન કરવામાં આવી છે અને ઝિયારત પઢતી વખતે કયા શબ્દો અને લકબોથી પોતાના ઇમામને સંબોધન કરી રહ્યા છીએ તેના તરફ ખુબ જ ઓછુ ધ્યાન આપતા હોઇએ છીએ, પરંતુ ઝિયારતમાં જે મકામ બયાન કરવામાં આવ્યા છે તેના તરફ ભાગ્યે જ ધ્યાન આપતા હોઇએ છીએ. આથી એ વાતનો પણ ખ્યાલ નથી રહેતો કે આપણે આ ઝિયારત થકી પોતાના ઇમામ સાથે શું વાયદો અને અહદ કરી રહ્યા છીએ. અગર એ અહેસાસ થઇ જાય કે આપણે શું વાયદો કર્યો છે અને કોને કોને ગવાહ બનાવીને વાયદો કર્યો છે, તો એ શક્ય છે કે આપણે તેના પર અમલ પણ કરવા લાગીએ, કારણકે દરેક શરીફ માણસ પોતાના વાયદા અને અહદનો ખ્યાલ રાખે છે.

## અઇમ્મા(અ.મુ.સ.)ની ઝિયારતની મંઝેલત

અઇમ્મએ મઅસુમીન(અ.મુ.સ)ની મંઝેલત અને અઝમત અને મઅરેફતનો શ્રેષ્ઠ અને ભરોસાપાત્ર ઝરીયો ઝિયારતો છે. આ ઝિયારતોમાં જ્યાં અઇમ્મએ મઅસુમીન (અ.મુ.સ)ના ફઝાએલ અને કમાલોનો ઉલ્લેખ છે અને તેમની કુરબાનીઓનો ઝિક્ર છે ત્યાં એ હેતુઓનુ વર્ણન પણ છે જેના માટે આપ હઝરતે દરેક પ્રકારના ઝુલ્મો સહન કર્યા અને શહાદત કબુલ કરી. તેની સાથોસાથ આપના દુશ્મનોની હકીકત અને તેઓના દર્દનાક અઝાબનો પણ ઉલ્લેખ કરવામા આવેલ છે.

આપણી જવાબદારીઓનો ઝિક્ર પણ કરવામાં આવેલ છે અને એ પણ ઉલ્લેખિત છે કે તેમની શહાદતની અસરો ક્યાં ક્યાં સુધી પહોંચી છે અને કોણે કોણે ગમ મનાવ્યો છે? આ અનુસંધાનમાં સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન(અ.સ)ની ઝિયારતો ખાસ મહત્વ ધરાવે છે. અગર ઇન્સાન માત્ર આ ઝિયારતો પર નજર કરે તો ખરેખર તેને અંદાજો આવી જશે કે હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની અઝાદારી ક્યાં ક્યાં સુધી ફેલાયેલી છે અને કોણે કોણે આપનો ગમ મનાવ્યો છે? અને એ પણ સ્પષ્ટ થઇ જશે કે હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની અઝાદારીને મર્યાદિત કરવા અથવા તેની અસરોને ઓછી કરવાની કોઇ પણ કોશિશ કોઇ પણ સ્વરૂપમાં હોય હરગીઝ હરગીઝ કામયાબ નહી થાય. કારણકે અઝાએ હુસૈન (અ.સ) એ કુરઆની અઝા છે જેને મશીય્યતે ઇલાહીએ વજુદના કાગળ પર જોહરે ઓબુદીય્યતથી લખી છે. જેને વારંવાર પઢવાથી એક રોનક પૈદા થાય છે અને ઇન્સાનના વુજુદમાં શરાફત ફેલાવવા લાગે છે. જરાક યાદ કરો એ સૌથી પહેલી મજલીસ જેમાં ખુદાના હુકમથી જીબ્રઇલ ઝાકીર હતા અને હઝરત રસુલે ખુદા(સ.અ.વ) સાંભળનાર હતા. પછી હઝરત રસુલે ખુદા(સ.અ.વ) ઝાકીર હતા અને અલી(અ.સ) અને જનાબે ફાતેમા (સ.અ) સાંભળનાર હતા. શું મંઝર રહ્યો હશે અને માહોલ કેવો મહેકી ઉઠ્યો હશે?

હવે આપણે હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની ઝિયારતો પર એક નજર કરીશુ અને વાતને આગળ વધારતા ટૂંકાણને ધ્યાનમાં રાખીને ફક્ત બે ઝિયારતોના અમુક હિસ્સાઓ પેશ કરવાની ખુશનસીબી હાસિલ કરીશું.

સેકતુલ મોહદ્દેસીન, જનાબ શૈખે અબ્બાસ

કુમ્મી(અ.ર)એ પોતાની અમૂલ્ય કિતાબ મફાતિહુલ જીનાનમાં હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની ઝિયારતના બાબમાં સૌથી પહેલી જે ઝિયારત વર્ણન કરી છે તેના અમુક શબ્દો આ મુજબ છે.

યુનૂસ બિન ઝબ્યાને હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ)ની ખિદમતમાં અરજ કરીઃ હું ઇમામ હુસૈન (અ.સ)ની ઝિયારત કરવા માટે જવા ચાહુ છું, હું કેવી રીતે ઇમામ હુસૈન(અ.સ)ની ઝિયારત કરૂ?

આપ(અ.સ)એ ફરમાવ્યુઃ જ્યારે ઇમામ હુસૈન (અ.સ)ની ઝિયારત કરવા જાવ તો ફુરાતના પાણીથી ગુસ્લ કરો, પાકીઝા કપડા પહેરો, ખુલ્લા પગે થઇ જાવ. કારણકે તમે ખુદા અને તેના રસુલના હરમમાં છો અને રસ્તામાં ચાલતી વખતે આ કલેમાત પઢોઃ

*અલ્લાહો અકબર વ લાઇલાહ ઇલ્લલ્લાહો વ સુબ્હાનલ્લાહ*

સલવાત પઢો......

એનો મતલબ એમ છે કે ઇમામ હુસૈન (અ.સ)ની ઝિયારત, ઇન્સાનને ખુદાથી કરીબ કરે છે, તૌહિદનો દર્સ આપે છે, દીન શીખવાડે છે અને શિર્કથી બેઝારીનો હુકમ આપે છે.

ઝિયારતના અમુક જુમ્લાઓ આ મુજબ છેઃ

*“હું ગવાહી આપું છું કે ચોક્કસ તમારૂ પવિત્ર ખુન, અબદી જન્નતમાં સુરક્ષિત છે. તેને જોઇને અર્શે ઇલાહીના રહેવાવાળા થરથર કાંપે છે અને તેના પર તમામ મખ્લુકે ગિર્યા કર્યુ. તેના પર સાતેય આસ્માનો અને સાતેય જમીનોએ ગિર્યા કર્યુ છે અને એ તમામ ચીજોએ પણ ગિર્યા કર્યુ જે આસ્માનો અને જમીનોમાં છે અને એ ચીજોએ પણ ગિર્યા કર્યુ જે આસ્માનો અને જમીનોની દરમિયાન છે અને ખુદાની એ મખ્લુકાતે પણ ગિર્યા કર્યુ જે જન્નત અથવા જહન્નમમાં છે અને એ ચીજોએ પણ ગિર્યા કર્યુ જેને જોઇ શકાય છે અને એ ચીજોએ પણ ગિર્યા કર્યુ જે જોઇ નથી શકાતી....”*

મખ્લુકાતે ખુદાવંદીમાં સૌથી બુલંદતરીન મંઝીલ અર્શે ઇલાહી છે.

આ તે જગ્યા છે જ્યાં આ દુનિયામાં આવવા પહેલા, અઇમ્મએ મઅસુમીન(અ.મુ.સ)ની રહેવાની જગ્યા હતી. ઝિયારતે જામેઆ કબીરામાં છે કેઃ

*ખલકકોમુલ્લાહો અન્વારન્ ફજઅલકુમ્ મુહ્દેકીન*

*“ખુદાએ આપને નૂરની શકલમાં પૈદા કર્યા અને આપને પોતાના અર્શ પર કરાર દીધા.”*

જમીન સૌથી હલ્કી જગ્યા છે જેનુ નૂરાની હોવુ અને એહતેરામને લાયક થવુ એ અઇમ્મએ તાહેરીન (અ.મુ.સ)ના ખુશબખ્ત પગલાઓના લીધે છે. રૂહાનીય્યત અને મઅનવીય્યતની દ્રષ્ટિએ અર્શ, સૌથી બુલંદ જગ્યા છે. જ્યારે કે ભૌતિકતામા જમીન સૌથી હલ્કી મંઝિલ ગણવામાં આવે છે. શરૂઆતથી લઇને અંત સુધી અને તેની દરમિયાન જે પણ છે તે સૌએ ઇમામ હુસૈન(અ.સ) પર ગિર્યા કર્યુ છે.

જોઇ શકાય તેવી અને ન જોઇ શકાય તેવી મખ્લુકાતે પણ ગિર્યા કર્યુ. આજનો માણસ હજારો વર્ષની મહેનત પછી એ પરિણામ પર પહોંચ્યો છે કે દુનિયામાં એવી પણ મખ્લુકાત છે જે નરી આંખે તો શું માઇક્રોસ્કોપમાં પણ મુશ્કેલીથી જોઇ શકાય છે પરંતુ હઝરત ઇમામ જઅફરે સાદીક(અ.સ)એ હજારો વર્ષ પહેલા ઝિયારતના સ્વરૂપમાં આ હકીકત તરફ ધ્યાન દોર્યુ હતુ. કાશ! આપણે ઝિયારતના આ મતલબો પર ધ્યાન આપત તો ઇલ્મ અને રિસર્ચની કઇ બુલંદી પર હોત.

## ગિર્યા શું છે? તેની વ્યાખ્યા શું છે?

ગિર્યાનો સંબંધ સમજણ, અહેસાસ અને મહોબ્બતની સાથે છે. ગિર્યા ફક્ત મામુલી અસરથી પૈદા નથી થતું. ગિર્યા ગમની એ મંઝિલ છે જ્યાં

સહન કરવુ અશક્ય હોય છે. દિલમાં સહન કરવાની શક્તિ નથી રહેતી, ગિર્યા એ ગમની શિદ્દતની નિશાની છે. આ ઉપરાંત, ગિર્યા એ સમયે થાય છે, જ્યારે સાંભળનારને જેનો ગમ હોય તેની સાથે નજીકનો સંબંધ હોય છે, નહિતર દુનિયામાં દરરોજ એકથી એક ચડિયાતા બનાવો બનતા હોય છે, પરંતુ આપણી આંખો આંસુઓથી ભરાતી નથી, બલ્કે તેની કોઇ અસર પણ નથી થતી હોતી. આથી ગિર્યા એ સમયે થશે જ્યારે ગમગીન શખ્સ સાથે એક ખાસ અને નજીકનો સંબંધ હોય.

*જબ યાદ તેરી આએ હૈં, તબ આંખ ભર આએ*

*યે ઝીંદગી કરનેકો કહાંસે જીગર આએ*

આ ઉપરાંત આંખોમાં આંસુ તેને આવશે જે સમજણ રાખતો હોય, દર્દ રાખતો હોય, મોહબ્બત અને સંબંધ રાખતો હોય. ઝિયારતના જુમ્લાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ખુદાની દરેક મખ્લુક, સમજણ ધરાવનારી અને અહેસાસ અને દર્દમંદ છે. આ આપની ટુંકી દ્રષ્ટિ છે કે આપણે તેને સમજણ વગરના અને અહેસાસ વગરના સમજીએ છીએ. અગર એ ચીજોમાં સમજણ અને અહેસાસ ન હોત તો કેવી રીતે તેમને હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની અઝીમ મોહબ્બતનું ઇલ્મ હોત અને અગર અહેસાસ ન હોત તો કેવી રીતે આપ(અ.સ) પર શદીદ ગીર્યા કરત? અને અગર હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની અસરો તેમના સુધી ન પહોંચી હોતે તો શા માટે આ તમામ મખ્લુક અસરઅંદાજ હોત.

ખુદાવંદે આલમની દરેક મખ્લુક હઝરત ઇમામ હુસૈન (અ.સ)ના ગમથી ગમગીન શા માટે છે? તેનો ઉલ્લેખ આગળ જતા કરીશું. અત્યારે ઝિયારતે આશુરાના અમુક જુમ્લાઓ વર્ણન કરીએ છીએ.

*''અય અબા અબ્દીલ્લાહ! આપની મુસીબત અને શહાદત અમારા માટે ખુબજ વધારે મહાન અને મોટી છે. બલ્કે આ તમામ ઇસ્લામવાળાઓ માટે અઝીમ અને મોટી છે અને આપની મુસીબત આસ્માનો માટે મોટી છે, બલ્કે તમામ આસ્માનવાળાઓ માટે મોટી છે.''*

મુસીબતની અઝમત ફક્ત ઝુલ્મ અને મસાએબથી સંબંધિત નથી, પરંતુ તેમાં મુસીબત ઝદા અને મઝલુમની પણ મહત્વતા નજરમાં રાખવામાં આવે છે.

હઝરત ઇમામ હુસૈન(અ.સ)ની મુસીબત તમામ અહલે ઇસ્લામ માટે મહાન છે, તેનો મતલબ એ છે કે અગર કોઇ હઝરત ઇમામ હુસૈન(અ.સ)ની આટલી બધી અઝીમ મુસીબતથી પણ પ્રભાવિત ન થાય તો તે ઇસ્લામવાળાઓમાં શુમાર કરવામાં નહી આવે અને આ મુસીબત કંઇક એવી છે કે જેનાથી આસ્માન અને આસ્માનવાળા પ્રભાવિત થયા, સખત ગિર્યા કર્યુ અને ઇસ્લામવાળાઓમાં દરેક માટે એક અઝીમ મુસીબત છે.

જાહેર છે, આસમાન અને આસમાનવાળાઓ જમીન ઉપર થવાવાળા બનાવોથી પ્રભાવિત નથી થતા, પરંતુ કરબલાના આ બનાવની અઝમત એ છે કે આસમાનો પર તેની અસર છવાએલી છે. હઝરત ઇમામ હુસૈન (અ.સ)ની મુસીબતથી ફક્ત આસમાન અને આસમાન વાળાઓ જ ગમઝદા નથી થયા, પરંતુ આ તેમના માટે ખુબ જ અઝીમ મુસીબત છે. અગર કોઇ બનાવ, આસમાનવાળાઓ માટે મહાન અને અઝીમ હોય તો તેની મહાનતાનો અંદાજો લગાવવો કોઇ ઇન્સાનની સમજની બહાર છે.

ઇતિહાસની ભરોસાપાત્ર કિતાબોમાં આ પ્રકારના બનાવોનો ઉલ્લેખ થયેલ છે કે ઇમામ હુસૈન(અ.સ)ની શહાદત પછી કરબલાના મેદાનમાં દિવસ હોવા છતા એવુ અંધારૂ છવાઇ ગયુ હતુ કે સિતારાઓ દેખાવા લાગ્યા હતા. યાદ રાખવુ જોઇએ કે ખુબજ વાદળા હોય તો પણ તારાઓ દેખાતા નથી. આ ઇમામ હુસૈન (અ.સ)ની શહાદતની અસર હતી કે સૂરજે ગમગીન

થઇને પોતાનુ નૂર સમેટી લીધુ. ત્યાર પછી ક્ષિતિજ પર લાલાશ છવાઇ ગઇ. કહેવાય છે કે ઇમામ હુસૈન(અ.સ)ની શહાદત પહેલા ક્ષિતિજ આ રીતે લાલ થતુ ન હતુ. શહાદત પછી ૪૦ દિવસ સુધી જે પથ્થરને પણ ઉપાડવામા આવતો તેની નીચેથી તાજુ લોહી નીકળતુ હતુ. દરવાજા અને દિવાલો પર સૂરજ ઉગવાના સમયે અને સુરજ આથમવાના સમયે ખૂન દેખાતું હતુ. આ કાએનાતમાં કોઇ એવી ચીજ ન હતી જે હઝરત ઇમામ હુસૈન(અ.સ)ની દર્દનાક શહાદતથી પ્રભાવિત ન થઇ હોય અને તેણે ઇમામ હુસૈન (અ.સ)નો ગમ ન મનાવ્યો હોય. આ અસરો એક જઝબાતી અસરો નથી, પરંતુ હકીકી અસરો હતી. દરેક ચીજ આ અઝીમ શહાદતથી ગમગીન હતી અને આ સિલસિલો આજ સુધી શરૂ છે.

ભરોસાપાત્ર કિતાબોમાં આ પ્રકારની અસંખ્ય રિવાયતો મળે છે કે દરરોજ અંબીયા(અ.મુ.સ) અને મુકર્રબીને બારગાહે ઇલાહી ફરિશતાઓની એક સફ ઇમામ હુસૈન(અ.સ)ની ઝિયારત માટે આવે છે અને પાછા જાય છે. જાણે કે દરેક સમયે હઝરત ઇમામ હુસૈન (અ.સ)ના પવિત્ર હરમમાં અંબીયા(અ.મુ.સ) અને ખુદાવંદની બારગાહના મુકર્રબીન ફરિશતાઓ ઝિયારતમાં મશ્ગુલ રહેતા હોય છે. રિવાયતોમાં ફક્ત અંબીયા (અ.મુ.સ) અને ફરિશ્તાઓની ઝિયારતનો જ ઉલ્લેખ નથી, પરંતુ એ પણ છે કે આ હઝરાત જ્યારે ઝિયારત માટે આવે છે, તો એવી રીતે આવે છે કે વાળ વિખરાયેલા હોય છે, માથા પર ખાક હોય છે, રોતા રોતા અને ખૂબજ વધારે ગમગીન સુરતમાં આવે છે. રિવાયતમાં એ વાતની સાબિતી છે કે ૧૪૦૦ વર્ષ પસાર થઇ ગયા બાદ પણ ઇમામ હુસૈન(અ.સ)નો ગમ એટલો જ તાજા છે, જેટલો હિ.સ. ૬૧ ની આશુરામાં હતો.

જ્યારે મઅસૂમ અંબીયા(અ.મુ.સ) અને ફરિશ્તાઓની આ હાલત છે, તો ઇમામ હુસૈન (અ.સ)ની અઝાદારી કોઇની નજરમા ભલે ને કેટલીય વધારે દેખાતી હોય, પરંતુ હકીકતમાં એ બહુ જ ઓછી છે. જનાબે અઝીઝ બનારસીનો એક શેર છેઃ

*લોગ કહેતે હૈ કે તુમ લોગ બહોત રોતે હો*

*હમ કો ઝહરાસે નિદામત હૈ કે કમ રોતે હૈ*

હઝરત ઇમામ હુસૈન(અ.સ)ના ગમની ઉંડાઇ અને વિશાળતાનો રાઝ તો ખુદાને જ ખબર છે. કાએનાતની ખિલ્કતના બારામાં જે રિવાયતોનો ઉલ્લેખ થયો છે, તેનો અભ્યાસ કરવાથી ખબર પડે છે કે અહલેબૈત(અ.મુ.સ) ના લીધે જ કાએનાત પૈદા થઇ છે અને તેમના સદકામાં આ સમયે કાએનાતને જીંદગી મળી રહી છે. જેને જે કંઇ મળી રહ્યુ છે તે અહલેબૈત (અ.મુ.સ)ના લીધે અને તેમના થકી જ મળી રહ્યુ છે. શરાફતનો તકાઝો એ છે કે ઇન્સાન તો શું પરંતુ દરેક ચીજ પોતાના વલીએ નેઅમતના ગમમાં ગમગીન થઇને પોતાના વુજૂદનો હક અદા કરે.

ટૂંકાણને ધ્યાનમા રાખીને રિવાયતનો ફક્ત તરજુમો પેશ કરીએ છીએઃ

જનાબ અલ્લામા મજલીસી(અ.ર)એ પોતાની અમુલ્ય કિતાબ, બેહારૂલ અન્વાર ભાગ:૫૭, પાના નં. ૧૬૯ પર આ હદીસ આ રીતે વર્ણન કરી છેઃ

જનાબે જાબિરે જોઅફીએ ઇમામ બાકિર (અ.સ)થી રિવાયત વર્ણવી છે. ઇમામ(અ.સ)એ ફરમાવ્યુઃ

અય જાબિર! ખુદા હતો અને તેના સિવાય બીજુ કંઇ ન હતુ, ન કોઇ જાણીતી ચીજ ન કોઇ અજાણી ચીજ. ખુદાવંદે આલમે સૌથી પહેલા મોહમ્મદ (સ.અ.વ)ને પૈદા કર્યા અને તેમની સાથે અમો અહલેબૈત(અ.મુ.સ)ને પોતાની અઝમતના નૂરથી પૈદા કર્યા. અમે તેની સામે લીલા છાયાની સુરતમાં રહ્યા. તે સમયે ન આસમાન હતુ, ન જમીન, ન મકાન, ન રાત, ન દિવસ, ન સૂરજ, ન ચાંદ. અમારૂ નૂર ખુદાના નૂર સાથે એવી રીતે ચમકતુ હતુ જેવી રીતે સૂરજથી તેની કિરણો. અમે ખુદાની તસ્બીહ અને તકદીસ

કરતા હતા અને તેની હમ્દો સના કરતા અને તેની ઇબાદતમાં દરેક સમયે મશ્ગુલ રહેતા હતા. ત્યાર પછી ખુદાવંદે આલમે મખ્લૂકાતની ખિલ્કતથી ખિલ્કતનો સિલસિલો શરૂ કર્યો. મકાનને પૈદા કર્યુ અને મકાન પર લખ્યુઃ

*લા ઇલાહ ઇલ્લલ્લાહો મોહમ્મદુર્ રસુલુલ્લાહ અલીયુન્ અમીરૂલ્ મોઅ્મેનીન વ વસીયોહુ વ અય્યદ્તોહુ વ નસર્તોહુ*

*''અલ્લાહ સિવાય કોઇ ખુદા નથી, મોહમ્મદ (સ.અ.વ) અલ્લાહના રસુલ છે. અલી (અ.સ) અમીરૂલ મોઅમેનીન અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ)ના વસી છે અને મેં રસુલે ખુદાની મદદ, અલી(અ.સ) વડે કરી છે.''*

*ત્યાર પછી ખુદાવંદે આલમે અર્શને પૈદા કર્યુ અને અર્શની છત પર આ જ લખાણ લખ્યુ. પછી ખુદાવંદે આલમે આસ્માનોને પૈદા કર્યા અને તેના કિનારાઓ પર આ જ લખાણ લખ્યુ. પછી જન્નત અને જહન્નમ પૈદા કરી અને ત્યાં પણ આ જ લખાણ લખ્યુ. પછી ખુદાવંદે આલમે ફરિશ્તાઓને પૈદા કર્યા અને તેમને આસ્માનોમાં જગ્યા આપી પછી ખુદાએ હવાને પૈદા કરી અને તેના પર પણ આ જ લખાણ લખ્યુ. પછી ખુદાએ જીન્નાતને પૈદા કર્યા અને તેઓને હવામાં સ્થાયી કર્યા પછી ખુદાવંદે આલમે જમીનને પૈદા કરી અને તેના ખૂણે ખૂણામાં આ જ લખાણ લખ્યુ, આ જ કારણે આસ્માન કોઇ પણ જાતના થાંભલા વગર સ્થિર છે અને જમીન પર સ્થાયી છે...... પછી ખુદાવંદે આલમે આદમ(અ.સ)ને જમીનની માટીથી પૈદા કર્યા.....*

*........ આથી અમે ખુદાવંદે આલમની પ્રથમ મખ્લુક છીએ અને સૌથી પ્રથમ મખ્લુક છીએ, જેણે ખુદાની ઇબાદત કરી અને તેની તસ્બીહ કરી અને અમે જ મખ્લુકાતની ખિલ્કતનો સબબ છીએ. અમે જ તમામ મલાએકા અને ઇન્સાનોની તસ્બીહ અને ઇબાદતનો સબબ છીએ.*

(બેહારૂલ અન્વાર, ભાગઃ૫૭, પાનાઃ૧૬૯, હદીસઃ૧૧૨)

આ હદીસથી એ સ્પષ્ટ થાય છે કે ખુદાવંદે આલમે સૌથી પહેલા પોતાની અઝમતના નૂરથી મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ)ને પૈદા કર્યા. આ લોકો પ્રથમ દિવસથી જ ખુદાની તસ્બીહ અને તકદીસ કરતા હતા અને તેની ઇબાદત કરતા હતા.

જ્યારે ખુદાએ આ કાએનાતને પૈદા કરી તો તેના કપાળ પર પોતાની તૌહીદ, રસુલે ખુદા (સ.અ.વ)ની રિસાલત અને અલી(અ.સ)ની ઇમામત લખી દીધી. આનાથી સ્પષ્ટ થાય છે કે કાએનાતના કપાળ પર અમારો જ કલેમાહ (લા ઇલાહ ઇલ્લલ્લાહો, મોહમ્મદુર્ રસુલુલ્લાહ, વ અલીય્યુન્ વલીયુલ્લાહ) લખેલો છે.

હવે આના અનુસંધાનમાં એક બીજી રિવાયત જોઇએ. ટુંકાણને ધ્યાનમાં રાખીને ફક્ત તરજુમાને પુરતો સમજીએ છીએ.

આ રિવાયત અલ્લામા મજલીસી(અ.ર)એ મિસ્બાહુલ્ અન્વારના હવાલાથી પોતાની અમુલ્ય કિતાબ બેહારૂલ અન્વારમાં વર્ણન કરી છે.

અનસ એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ)થી વર્ણન કર્યુ છે કે આપ હઝરત(સ.અ.વ)એ પોતાના કાકાને ફરમાવ્યુઃ

*''ચોક્કસ અલ્લાહે મને અને અલી(અ.સ.)ને પૈદા કર્યા. ફાતેમા(સ.અ.), હસન(અ.સ.) અને હુસૈન(અ.સ.)ને પૈદા કર્યા. જનાબે આદમ (અ.સ.)ની ખિલ્કત*

*પહેલા, એ સમયે ન આસ્માનની છત હતી ન તો જમીનનુ પાથરણું. ન તો અંધારૂ હતુ ન તો નૂર હતુ, ન સૂરજ હતો અને ન ચાંદ અને ન આગ.''*

આપ હઝરત(સ.અ.વ.)એ ફરમાવ્યુ:

*અય ચચા! જ્યારે ખુદાવંદે આલમે અમોને પૈદા કરવા ચાહ્યુ, તો તેણે એક કલેમો કહ્યો, તેનાથી નૂર પૈદા કર્યુ. પછી એક બીજો કલેમાહ કહ્યો, તેનાથી રૂહને પૈદા કરી પછી નૂરને રૂહમાં મેળવી દીધુ, તેનાથી મને, અલી(અ.સ.), ફાતેમા(સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન(અ.સ.)ને પૈદા કર્યા. અમે તે સમયે ખુદાની તસ્બીહ કરી રહ્યા હતા જ્યારે તસ્બીહનો વુજૂદ ન હતો અને અમે તે સમયે તકદીસ કરી જ્યારે તકદીસનો વુજૂદ ન હતો. (એટલે કે અમોએ આ તસ્બીહ કોઈ પાસેથી શીખી નથી, અમને કોઈ બીજી મખ્લુકે શિખવાડી નથી)*

*જ્યારે ખુદાવંદે આલમે પોતાની મખ્લુકાતને પૈદા કરવા ચાહ્યુ, તો મારા નૂરના ભાગ કર્યા અને તેના થકી અર્શને પૈદા કર્યુ, તો અર્શ મારા નૂરથી છે અને મારૂ નૂર અલ્લાહના નૂરથી છે. આમ મારૂ નૂર અર્શથી અફઝલ છે. ત્યાર પછી ખુદાએ મારા ભાઈ અલી(અ.સ.)ના નૂરથી ફરિશ્તાઓને પૈદા કર્યા, તો ફરિશ્તાઓ અલી (અ.સ.)ના નૂરથી છે અને અલી (અ.સ.)નું નૂર અલ્લાહના નૂરથી છે આમ અલી(અ.સ.) ફરિશ્તાઓથી અફઝલ છે.*

*ત્યાર પછી મારી બેટી ફાતેમા(સ.અ.)ના નૂરથી આસ્માનો અને જમીનને પૈદા કર્યા, તો આસ્માનો અને જમીન મારી બેટી ફાતેમા (સ.અ.)ના નૂરથી છે અને મારી બેટી ફાતેમા (સ.અ.)નુ નૂર અલ્લાહના નૂરથી છે અને મારી બેટી ફાતેમા(સ.અ.), આસ્માનો અને જમીનથી અફઝલ છે.*

*પછી ખુદાએ મારા ફરઝંદ હસન(અ.સ.)ના નૂરથી સૂરજ અને ચાંદને પૈદા કર્યા તો સૂરજ અને ચાંદ, મારા ફરઝંદ હસન(અ.સ.)ના નૂરથી છે અને હસન(અ.સ.)નુ નૂર અલ્લાહના નૂરથી છે આમ હસન(અ.સ.) સૂરજ અને ચાંદથી અફઝલ છે.*

*પછી ખુદાએ મારા ફરઝંદ હુસૈન(અ.સ.)ના નૂરથી જન્નત અને હુરૂલઈનને પૈદા કર્યા તો જન્નત અને હુરૂલઈન મારા ફરઝંદ હુસૈન (અ.સ.)ના નૂરથી છે અને મારા ફરઝંદ હુસૈન (અ.સ.)નુ નૂર અલ્લાહના નૂરથી છે. આમ મારા ફરઝંદ હુસૈન(અ.સ.), જન્નત અને હુરૂલઈનના નૂરથી અફઝલ છે.''*

(બેહારૂલ અન્વાર, ભાગ:૬૭, પાના:૧૯૧-૧૯૩, હદીસ:૧૩૯)

આ હદીસથી અંદાજો આવી જાય છે કે તમામ કાએનાત મોહમ્મદ વ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના પવિત્ર નૂરથી પૈદા કરવામાં આવી છે. તમામ કાએનાત તેમના જ નૂરના કારણે જ છે. તો અહલેબૈત (અ.મુ.સ.) થી કાએનાતનો સંબંધ એક હકીકી અને હંમેશાનો સંબંધ છે, એક જઝબાતી અને મર્યાદિત સમય માટેનો સંબંધ નથી. આ સંબંધ માતા પિતા અને અવલાદના સંબંધ કરતા વધારે મજબુત છે. હવે જરા વિચારીએ કે સંબંધ જેટલો વધારે મજબુત હશે ગમનો અસર પણ એટલો જ વધારે હશે. અહલેબૈત (અ.મુ.સ.)ના કાએનાત સાથે બે ખુબ જ મજબુત સંબંધ છે. એક વુજૂદનો સંબંધ અને બીજો હિદાયતનો સંબંધ. માટે આ વાત પુરાવો બની કે તમામ કાએનાતને ખુદાની મઅરેફત તેમજ તેની તસ્બીહ અને તકદીસ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની જ તઅલીમ થકી જ હાસિલ થાય છે અને આ સંબંધ મર્યાદિત સમય પુરતો જ નથી પરંતુ હંમેશ માટેનો છે...

ભાવનાત્મક નથી પરંતુ હકીકી છે. કાલ્પનિક નથી પરંતુ હકીકી છે. તેથી અહલેબૈત(અ.મુ.સ.)ના ગમમાં અને ખાસ કરીને સૈયદુશ્શોહદા હઝરત ઇમામ હુસૈન(અ.સ.)ના ગમમાં તમામ કાએનાતનું અસરઅંદાજ થવુ તે એક ફિતરી બાબત છે અને ગમની શિદ્દત સંબંધના કારણે છે. સંબંધ હકીકી છે, તેથી આ ગમ પણ હકીકી છે. કારણકે આ સંબંધ કદી પણ તુટી શકતો નથી, તેથી આ ગમ પણ ક્યારેય ખત્મ નહી થાય. અગર કાએનાત આ ગમ ન મનાવે તો તે લાયક નહી કહેવાય.

ઇમામ હુસૈન(અ.સ.)ની અઝીમ મુસીબતથી ન ફકત કાએનાતને અસર થઇ છે, પરંતુ તે હઝરાત સૌથી વધારે ગમઝદા છે, જેઓ કાએનાતની ખિલ્કતનું કારણ છે. આ વાત ધ્યાનમાં રહે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) આ કાએનાતમાં સૌથી શ્રેષ્ઠ અને ઉમદા છે. આપ(સ.અ.વ.)નો દરેક અમલ ખુદાની અઝમતનો તરજુમો છે. આપ(સ.અ.વ.)નો કોઇ પણ અમલ સામાન્ય માણસની જેમ જઝબાતી નથી. જનાબે ઇબ્ને અબ્બાસનુ બયાન છે કેઃ

મેં રસુલે ખુદા(સ.અ.વ.)ને બપોરના સમયે ખ્વાબમાં જોયા કે આપ(સ.અ.વ.)ના વાળ વિખરાએલા હતા અને તેના ઉપર ખાક પડેલી છે. આપ(સ.અ.વ.)ના મુબારક હાથોમાં એક શીશી છે, જેમાં ખુન છે. મેં અરજ કરીઃ અય અલ્લાહના રસુલ(સ.અ.વ.)! મારા મા-બાપ આપના પર કુરબાન! આ શું છે? આપ(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*હુસૈન(અ.સ.) અને તેમના અસ્હાબોનું ખુન છે. આજ સવારથી હું આ ખુનને જમા કરી રહ્યો છું.*

અમ્માર બયાન કરે છે કેઃ જ્યારે અમોએ ગણતરી કરી, તો ખબર પડી કે આ તે જ દિવસ હતો કે જે દિવસે હઝરત ઇમામ હુસૈન(અ.સ.) કત્લ કરવામાં આવ્યા હતા.

એક રિવાયતમાં આ પ્રમાણે છેઃ

જે દિવસે ઇમામ હુસૈન(અ.સ.) કત્લ કરવામાં આવ્યા, એક રાત્રે ઇબ્ને અબ્બાસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને ખ્વાબમાં જોયુ કે આપ(સ.અ.વ.)ના હાથમાં એક શીશી છે, જેમાં ખુન છે. મેં સવાલ કર્યોઃ અય અલ્લાહના રસુલ(સ.અ.વ.)! આ શું છે?

ફરમાવ્યુઃ

*આ હુસૈન(અ.સ.) અને તેમના અસ્હાબનું ખુન છે. હું આ ખુનને ખુદાની બારગાહમાં લઇ જઇ રહ્યો છુ.*

(તારીખે ઇબ્ને અસીર, પાનાઃ ૫૮૨, પ્રકાશનઃ બૈરૂત)

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)નુ આ રીતે ગમઝદા થવુ, વાળોનું વિખેરવુ અને તેના પર ધુળ અને માટીનુ હોવુ, કાએનાતના ગમઝદા હોવા કરતા કેટલુય વધારે અસામાન્ય છે. આ જ કારણસર હઝરત ઇમામ હુસૈન (અ.સ.) પર થવાવાળા ઝુલ્મોની શિદ્દતનો અંદાજો લગાવવો કોઇ અન્યના હાથની વાત નથી.

અગર આપણે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની સુન્નત પર અમલ કરવા ચાહીએ છીએ અને કાએનાતની ખિલ્કતના કારણથી આપણે સુસંગત થવા ચાહીએ છીએ અને આપણા વુજૂદના તકાઝાને પુરો કરવા ચાહીએ છીએ તો આપણે હઝરત ઇમામ હુસૈન (અ.સ.)નો ગમ મનાવવો જોઇએ અને શિદ્દત સાથે મનાવીએ. જો કે આપણે શું અને આપણા ગમની શિદ્દત શું? આ ગમમાં આંસુ વહાવનાર તો તેઓ છે કે જેમના બારામાં મર્હુમ મીર અનીસે કહ્યુ છેઃ

*રોનેમે ફુઝું હૈ ચશ્મ સે ચશ્મ*
*દરીયા દરીયા સે બઢ ગએ હૈ*

# ઈમામ હુસૈન(અ.સ)ના અસ્હાબની રજઝ અને તેમની શહાદત

'ફિરોઝુલ્લુગાત'માં રજઝ એ શેરને અથવા એ અશ્આરને કહેવાય છે જેને કોઇ બહાદુર જંગના મેદાનમાં ઉતરતા જ પઢે છે, જેથી તે પોતાનો પરિચય કરાવીને જંગનો મકસદ બયાન કરી શકે કે શું તેની લડાઇ દૌલત માટે છે કે માલ-સામાન માટે છે, જમીન માટે છે કે સોના ચાંદી માટે છે, કુફ્રના માટે છે કે ઇમાન અને દીનની હિફાઝત માટે છે. જે પણ હેતુ હોય, કોઇ પણ સિપાહીની રજઝ એ સાબિત કરી દેય છે કે તે મેદાનમાં શા માટે પોતાની જાનની બાજી લગાવવા માટે આવ્યો છે?

એહલે તસન્નુનના અમુક ઓલમા ઇમામ હુસૈન (અ.સ) અને તેમના જાંનિસાર સાથીઓની અઝીમ શહાદતનો દરજ્જો ઓછો કરવાની નિય્યતથી આ મહાન જંગને બે શાહઝાદાઓની જંગ કહે છે અને ફરમાવે છે કે કરબલાની જંગ તો બે શાહઝાદાઓની જંગ હતી અને તેમનો મકસદ શામની હુકૂમત હાસિલ કરવી હતી. તેને મઝહબ સાથે શું લેવા દેવા? આ પાયા વગરની તોહમતના જવાબ માટે ફક્ત શોહદાએ કરબલાની રજઝ પુરતી છે અને તે એ રીતે કે અગર કોઇ આકીલ શખ્સ આ રજઝને વાંચે તો તે ગૌર કરશે કે આ બુલંદ શખ્સીય્યતોને અગર કોઇ ચીજની ફિક્ર હતી તો તે ફક્ત અને ફક્ત ખુદાના દીન, દીને ઇસ્લામની હિફાઝતની હતી અને આ ફાની દુનિયાની નાશ પામનારી લઝ્ઝતોની તેમને બિલ્કુલ પરવાહ ન હતી. આમ કહેવુ હકીકતથી દુર નહિ ગણાય કે તેઓ આ દુન્યવી ચીજો જેમકે માલ, દૌલત, સામાન, જમીન-જાયદાદ, હુકૂમત વિગેરેને તુચ્છ નજરોથી જોતા હતા અને મઝહબે ઇસ્લામના ઉસૂલ અને ફુરૂઅને તેઓએ પોતાની જીંદગીનો મકસદ અને હંમેશાની જીંદગીનો ઝરીઓ બનાવ્યા હતા. કદાચ એહલેબૈત (અ.મુ.સ)ની મોહબ્બતે તેમને જન્નતના બગીચાની સફર કરાવી દીધી હતી અને તેમને યકીન અપાવી દીધુ હતુ કે અગર આ ખુશ્બુદાર ઘર અને બગીચાઓને ખરીદવા છે તો પોતાની જાનને આલે રસુલ(સ.અ.વ)ના કદમોમાં નિસાર કરી દેવી પડશે. હુસૈને મઝલુમના મદદગારોમાં બચ્ચાઓ પણ હતા અને બુઢાઓ પણ, જવાન પણ હતા અને કમસિન પણ, ગુલામ પણ હતા અને આકા પણ હતા. દરેકે કોઇ પણ જાતના શક વગર પોતાની શહાદતનો મકસદ સૌથી પહેલા એલાન કરી દીધો હતો. રજઝ ફક્ત એમનો મકસદ જ જાહેર નહોતી કરતી પરંતુ તેમની મઅરેફત, તેમના અખ્લાક, તેમનો તકવા જાણે કે એમની સંપૂર્ણ શખ્સીય્યતનો અરીસો હતો.

તો આવો! કરબલાના મૈદાનમાં જઇએ, મોહર્રમની દસમી તારીખ છે, આશુરાનો દિવસ છે, ઝોહરનો સમય છે. ઇમામ હુસૈન(અ.સ)ના સાથીઓ દુશ્મનોની સામે ઉભા છે અને પોતાની શહાદતનો મકસદ બયાન કરી રહ્યા છે.

### જનાબે વહબ(અ.ર.)ની શહાદતઃ

વહબ ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને હબાબે કલ્બી પોતાની માતા અને પત્ની સાથે હુસૈની લશ્કરમાં હાજર હતા. પોતાની માતાના શોખ દેવરાવવાના લીધે જેહાદ માટે તૈયાર થયા. મેદાનમાં ઘોડો દોડાવ્યો અને આ રજઝ પઢી.

*ઇન્ તુન્કેરૂની ફ અનબ્નુલ્ કલ્બે*
*સવ્ફ તરવ્ની વ તરવ્ન ઝરબી*
*વ હમલતી વ મસુલતી ફિલ્ હરૂબે*
*ઉદ્રેકો સારી બઅ્દ તારે સહબી*
*વ અદ્ફઉલ્ કર્બો અમલ્ કર્બે*
*લય્સ જેહાદી ફિલ્ વગા બિલ્ લઅબે*

*અય વહબની માતા! હું તારી તરફથી ઝામિન થાવ છું કે તેઓમાં ક્યારેક નેઝો અને ક્યારેક તલવાર ચલાવવાનો આ એવા નવજવાનની ઝર્બ છે કે જે પોતાના રબ પર ઇમાન રાખે છે.*

પછી ૧૯ સવારો અને ૧૨ પગપાળા દુશ્મનોને

કત્લ કર્યા અને થોડી વાર સુધી જંગ કરતા રહ્યા, ત્યાં સુધી કે તેમના બંને હાથોને કાપી નાખવામાં આવ્યા. તે સમયે તેમની માતાએ ખૈમાના થાંભલાને પોતાના હાથમાં લીધો અને મેદાનમાં ગઇ અને કહ્યુઃ અય વહબ! મારા માં-બાપ તારા પર કુરબાન થાય. જેટલી થઇ શકે એટલી જંગ કરો અને રસુલેખુદા(સ.અ.વ)ના એહલે હરમથી દુશ્મનોને દૂર કરો. વહબે ચાહ્યુ કે પોતાની માતાને પરત મોકલી દેય. તો વહબની માતાએ તેમનો દામન પકડી લીધો અને કહેવા લાગી કે 'હું ત્યાં સુધી પરત નહી જાવ જ્યાં સુધી તારી સાથે મારા ખુનમાં નહાઇ ન લવ. ઇમામ હુસૈન(અ.સ)એ જ્યારે આ જોયુ તો ફરમાવ્યુઃ એહલેબૈત (અ.મુ.સ) તરફથી ખુદા તમોને જઝાએ ખૈર અતા કરે, ઔરતોનાં ખૈમાઓ તરફ પાછા આવી જાવ. ખુદા તમારા પર રહેમ કરે. તો પછી તે ખાતુન ખૈમાંઓ તરફ પરત ફરી અને તે કલ્બી જવાન જંગ કરતા કરતા શહીદ થઇ ગયા. રાવી કહે છે કે વહબની પત્ની પોતાના શૌહરની શહાદત પછી બેચૈન થઇને તેની તરફ દોડી અને પોતાનું મોઢું તેના મોઢા પર રાખી દીધુ. શિમ્ર મલઉનના કહેવાથી તેના ગુલામે તેમના માથા પર ગુર્ઝ માર્યો અને તેમના શૌહરની સાથે તેમને કત્લ કરી દીધા. તેઓ પહેલી ઔરત હતા કે જેઓને સૈયદુશ્શોહદા(અ.સ)ના લશ્કરમાં શહીદ કરી દેવામાં આવ્યા.

## ઉમ્રૂ ઇબ્ને ખાલિદ અઝદી અસદી સૈદાવીની રજઝ અને શહાદતઃ

ઉમ્રૂ ઇબ્ને ખાલિદ અઝદી અસદી સૈદાવી મેદાનમાં જવા માટે તૈયાર થયા. ઇમામ હુસૈન (અ.સ)ની ખિદમતમાં આવીને અરજ કરી, હું તમારા પર કુરબાન થઇ જાવ. અય અબા અબ્દીલ્લાહ! મેં ઇરાદો કર્યો છે કે આપના અસ્હાબ પર જે શહીદ થઇ ગયા છે, તેઓથી જઇને મળુ અને મને એ પસંદ નથી કે જીવતો રહીને આપને એકલા શહીદ થતા જોવ. હવે મને રજા આપો. આપ (અ.સ)એ રજા આપી અને ફરમાવ્યુ અમે પણ થોડીવારમાં તમારાથી આવી મળીશું. આ ખુશનસીબ જ્યારે મેદાનમાં આવ્યા ત્યારે આ રીતે રજઝ પઢી.

*એલૈક યા નફસો મેનર્ રહ્માને*
*ફ અબ્શેરી બિર્ રૂહે વર્ રૈહાને*
*અલ્ યૌમ તજ્ઝીન બિલ્ એહસાને*

**અય નફસ તને ખુદાએ રહેમાન તરફથી રૂહ અને રૈહાન***ની બશારત થાય. આજે તને નેકીનો બદલો મળશે.*

પછી જંગ કરીને શહીદ થયા પછી તેમનો ફરઝંદ ખાલિદ બિન ઉમ્રૂ મૈદાનમાં ગયો.

## ખાલિદ બિન ઉમ્રૂ સૈદાવીની રજઝ અને શહાદતઃ

મેદાનમાં આવીને ખાલિદ બિન ઉમ્રૂ સૈદાવીએ રજઝ પઢીઃ

*સબ્રન્ અલલ્ મૌતે બની વ કહ્તાને*
*કય્ મા તકૂનૂ ફી રેઝર્ રહમાને*
*યા અબ્તાહ્ કદ્ સેરત ફિલ્ જેનાને*
*ફી કસ્રે દુર્રિન હસનિલ્ બુન્યાને*

*અય બની કહતાન! મૌત પર સબ્ર કરો, જેથી ખુદાએ રહેમાનની રેઝામાં દાખલ થઇ જાવ. અય બાબા! તમે તો જન્નતમાં પહોંચી ગયા. એવા મહેલોમાં કે જે મોતીથી બનેલા છે અને તેની બુનિયાદો બહેતરીન છે.*

પછી તેઓ જેહાદ કરીને શહીદ થયા.

આપણે સૌ હઝરત ઇમામ હુસૈન (અ.સ)ના વસીલાથી ખુદાવંદે આલમથી દુઆ કરતા હાથ બુલંદ કરીએ કે તેમના ખુનનો બદલો લેવાવાળા હઝરત ઇમામે ઝમાના(અ.ત.ફ.શ)ના ઝુહૂરમાં જલ્દી કરે અને આપણને સૌને તેમની સાથે મળીને અઇમ્મએ માસુમીન (અ.મુ.સ) પર કરવામાં આવેલ ઝુલ્મનો બદલો લેવાની તૌફીક ઇનાયત ફરમાવે. આમીન..

AL QAEM AL MUNTAZAR, JUL 2024 to DEC 2024, VOL. XXVI, ISSUE NO. 2, RNI NO. 70065/98



*હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.) અને હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરીન*

***ફર્હમ્ તિલ્કલ્ વોજુહુલ્લતી ગય્યરત્હશ્શમ્સો, વર્હમ તિલ્કલ્ ખોદુદલ્લતી તકલ્લબત્ અલા કબ્રે અબી અબ્દીલ્લાહીલ્ હુસૈને(અ.સ.), વર્હમ્ તિલ્કલ્ ઓયુનલ્લતી જરત્ દોમુઓહા રહ્મતન્ લના, વર્હમ્ તિલ્કલ્ કોલુબલ્લતી જઝેઅત્ વહ્તરકત્ લના, વર્હમ્ તિલ્કસ્ સર્ખતલ્લતી કાનત્ લના. અલ્લાહુમ્મ ઈન્ની અસ્તવ્દેઓક તિલ્કલ્ અન્ફોસ વ તિલ્કલ્ અબ્દાન હત્તા તોરવ્વેયહુમ્ મેનલ્ હવ્ઝે યવ્મલ્ અતશે.***

***ખુદાયા! એ ચેહરાઓ પર રહેમ કર કે સૂરજથી જેનો રંગ બદલાઈ જાય છે, રહેમ કર એ ગાલો પર જે ઈમામ હુસૈન(અ.સ.)ની કબ્ર પર મસ થાય છે, રહેમ કર એ આંખો પર જે અમારા માટે રડે છે, રહેમ કર એ દિલો પર જે અમારા માટે ગમઝદા અને દુઃખી થાય છે, રહેમ કર એ ફરિયાદો અને રડવાના અવાજો પર જે અમારા માટે બુલંદ થાય છે. ખુદાયા! હું એ લોકોને અને તે બદનોને તારી હિફાઝતમાં આપુ છું, ત્યાં સુધી કે તુ તેઓને હૌઝે કવસરથી સૈરાબ કર.***

(સવાબુલ્ અઅમાલ, પાના: ૯૫)

www.almuntazar.in

:: પત્રવ્યવહારનું સરનામું ::

એસોસીએશન ઓફ ઈમામ મહદી(અ.સ.), પો. ઓ. બોક્સ નં. ૧૯૮૨૨, મુંબઈ ૪૦૦૦૫૦

**Printed, Published and Edited by** Syed Mohammed Akbar Rizvi on behalf of Association of Imam Mahdi (A.S.), Published from 97/C, Bazar Road, Bandra (W), Mumbai 400050, and Printed at Gazelle Enterprise Offset Printing & Packaging, 504/A-Sussex Industrial Estate, D.K. Cross Road, Byculla, Mumbai 400 027 (M.S.)